સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન


# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 25

JUNE 2024
16-06-24 TO 22-06-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા



















સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.


ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**16 JUN-2024**

- દિવસ મહિમા : 16 જૂન, આંતરરાષ્ટ્રીય પારિવારિક પ્રેષણ, જૂન માસનો ત્રીજો રવિવાર, ફાધર્સ ડે ........ 02
- ચાર રાજ્યોમાં નવા મુખ્યમંત્રીના શપથ ........ 02
- Global Peace Index 2024 ........ 08
- QUESTION ANSWERS ........ 10

**17 JUN-2024**

- દિવસ મહિમા : 17 જૂન, વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ, વિશ્વ મગર દિવસ ........ 11
- 50મી G7 સમિટ (50th G7 Summit) ........ 11
- બ્રાઝિલની પેન્ટાનલ વેટલેન્ડ્સ ........ 14
- JIMEX - 24 : ભારત - જાપાન ........ 15
- QUESTION ANSWERS ........ 16

**18 JUN-2024**

- દિવસ મહિમા : 18 જૂન, ઓટિસ્ટિક ગૌરવ દિવસ (Autistic Pride Day) ........ 18
- મત્સ્ય 6000 (Matsya 6000) ........ 18
- કાવલી પુરસ્કાર (Kavli Prize) ........ 19
- QUESTION ANSWERS ........ 21

**19 JUN-2024**

- દિવસ મહિમા : 19 જૂન, વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસ (World Sickle Cell Awarness Day) ........ 22
- Environmental Performance Index 2024 ........ 22
- ગાંધી સાગર વન્યજીવ અભયારણ્ય ........ 23
- તરંગ શક્તિ - 2024 (Tarang Shakti 2024) ........ 26
- QUESTION ANSWERS ........ 27

**20 JUN-2024**

- દિવસ મહિમા : 20 જૂન, વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day) ........ 28
- સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2024 ........ 28
- રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન (National Monetisation Pipeline) ........ 31
- લોક અદાલત ........ 32
- QUESTION ANSWERS ........ 34

**21 JUN-2024**

- દિવસ મહિમા : 21 જૂન, વિશ્વ સંગીત દિવસ (World Music Day), વિશ્વ યોગ દિવસ (International Day of Yoga), વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ (World Hydrography Day) ........ 36
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું ........ 37
- એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2024 : WEF ........ 39
- QUESTION ANSWERS ........ 40

**22 JUN-2024**

- ઓડિશાના ભાજપના સાંસદ શ્રી ભર્તૃહરિ મહતાબની 18મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે નિમણૂક ........ 42
- SIPRI Year Book 2024 અનુસાર ભારતમાં 172 પરમાણુ શસ્ત્ર હોવાની સંભાવના ........ 43
- ચિનાબ રેલ બ્રિજ (Chenab Rail Bridge) ........ 45
- QUESTION ANSWERS ........ 47

**ONE LINER** ........ 48

**QUESTION OF THIS WEEK** ........ 52



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 જૂન, (1) આંતરરાષ્ટ્રીય પારિવારિક પ્રેષણ દિવસ (International Day of Family Remittancess)
## (2) જૂન માસનો ત્રીજો રવિવાર, ફાધર્સ ડે

### ફાધર્સ ડે




સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં ફાધર્સ ડેની ઉજવણી જુદા–જુદા દિવસે કરવામાં આવે છે.


- જોકે, જૂન માસનો ત્રીજો રવિવાર ફાધર્સ ડે તરીકે ઉજવાય છે.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ 2024માં 16 જૂનના રોજ ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારત ઉપરાંત કેનેડા, ફ્રાન્સ, જાપાન, અમેરિકા સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં ફાધર્સ ડે જૂન માસના ત્રીજા રવિવારે જ ઉજવાય છે.

## ચાર રાજ્યોમાં નવા મુખ્યમંત્રીના શપથ

ભારતમાં તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીની સાથે જ ભારતના ચાર રાજ્યો આંધ્રપ્રદેશ, ઓડિશા, અરૂણાચલ પ્રદેશ અને સિક્કિમમાં વિધાનસભા ચૂંટણીનું પણ આયોજન થયું હતું.

- આ ચાર રાજ્યોમાં રચાયેલી નવી સરકાર વિશેની માહિતી નીચે પ્રમાણે છે :

### આંધ્રપ્રદેશ



આંધ્રપ્રદેશમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં આંધ્રપ્રદેશના સત્તાધારી મુખ્યમંત્રી શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડીનો પરાજય થયો છે.

- આંધ્રપ્રદેશની 175 બેઠકોમાંથી યુવાજન શ્રમિક રાયતુ (YRS કોંગ્રેસ) પાર્ટીને 11 બેઠકો મળી છે.
- શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડી યુવાજન શ્રમિક રાયતુ (YRS કોંગ્રેસ) પાર્ટીના વડા છે.
- જ્યારે તેમના હરિફ ઉમેદવાર અને તેલુગુ દેશમ પાર્ટી (TDP)ના નેતા શ્રી ચંદ્રબાબુ નાયડુનો 135 બેઠકો પર વિજય થયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ સાથે આંધ્રપ્રદેશમાં તેલગુ દેશમ પાર્ટી (TDP), જનસેના પાર્ટી (JNP) અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના ગઠબંધનવાળી NDAની સરકાર બની છે.
- આથી, શ્રી એન. ચંદ્રબાબુ નાયડુ આંધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- આંધ્રપ્રદેશમાં TDPના નેતૃત્વવાળી NDA સરકારના શપથગ્રહણ સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, શ્રી જે.પી.નડ્ડા અને શ્રી એકનાથ શિંદે જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.
- જ્યારે નાયબ મુખ્યમંત્રી જનસેના પાર્ટીના નેતા શ્રી પવન કલ્યાણ બન્યા છે.
- શ્રી એન. ચંદ્રબાબુ નાયડુને મુખ્યમંત્રી તરીકે અને શ્રી પવન કલ્યાણને નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ આંધ્રપ્રદેશના રાજ્યપાલ સૈયદ અબ્દુલ નઝીરે લેવડાવ્યા હતા.

નોંધ : (1) શ્રી જગનમોહન રેડ્ડી આંધ્રપ્રદેશના લોકપ્રિય પૂર્વ મુખ્યમંત્રી શ્રી વાય.એસ. રાજશેખર રેડ્ડીના પુત્ર છે. જેમનું વર્ષ 2009માં હેલિકોપ્ટર દુર્ઘટનામાં નિધન થયું હતું.

(2) શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડીનું પૂરું નામ શ્રી યેદુગૂરી સંદિન્તિ જગનમોહન રેડ્ડી છે.

(3) શ્રી એન. ચંદ્રબાબુ નાયડુનું પૂરું નામ નારા ચંદ્રબાબુ નાયડુ છે. તેમણે અગાઉ આંધ્રપ્રદેશના વિભાજન પહેલા 1995 થી 1999, 1999 થી 2004 અને વિભાજન બાદ 2014 થી 2019 સુધી આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.

(4) વર્ષ 2024માં આંધ્રપ્રદેશ રાજ્યમાં કુલ 175 બેઠકોમાંથી તેલુગુ દેશમ પાર્ટી (TDP)ને 135 બેઠક, JnPને 21 બેઠક, BJPને 8 બેઠક અને YRS કોંગ્રેસને 11 બેઠક મળી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓડિશા

તાજેતરમાં ઓડિશામાં 147 બેઠકો પર વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી.



- ઓડિશાની કુલ 147 વિધાનસભાની બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટીનો 78 બેઠકો પર વિજય થયો હતો.
- જ્યારે શ્રી નવીન પટનાયકના પક્ષ બીજુ જનતા દળને 51 બેઠકો મળી હતી. અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને 14 અને અન્યને 4 બેઠક મળી હતી.
- આ સાથે ભારતીય જનતા પાર્ટીના નેતા શ્રી મોહન ચરણ માઝી ઓડિશાના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- જ્યારે શ્રી કનક વર્ધન સિંહ દેવ અને શ્રીમતી પ્રવતિ પરિદા નાયબ મુખ્યમંત્રી બન્યા છે.
- ઓડિશાના મુખ્યમંત્રી તરીકે શ્રી મોહન ચરણ માઝી તથા નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી કનક વર્ધન સિંહ દેવ અને શ્રીમતી પ્રવતિ પરિદાને શપથ ઓડિશાના રાજ્યપાલ રઘુબર દાસએ અપાવ્યા હતા.

નોંધ : (1) શ્રી નવીન પટનાયક ઓડિશાના પાંચ વખત મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. તેમણે 5 માર્ચ, 2000 થી 12 જૂન 2024 સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપી છે.

(2) ભારતમાં સૌથી લાંબો સમય શાસન કરનાર મુખ્યમંત્રી તરીકેનો રેકોર્ડ સિક્કિમના પૂર્વ મુખ્યમંત્રી શ્રી પવનકુમાર ચામલિંગના નામે છે. તેમણે 24 વર્ષ, 165 દિવસ શાસન કર્યુ છે.

(3) ત્યારબાદ બીજા નંબરે ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયક આવે છે. તેમણે 24 વર્ષ 98 દિવસ શાસન કર્યુ છે.

## અરૂણાચલ પ્રદેશ



અરૂણાચલ પ્રદેશમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે.

- અરૂણાચલ પ્રદેશની 60 વિધાનસભા બેઠકમાંથી ભારતીય જનતા પાર્ટીનો 46 બેઠક, નેશનલ પીપલ્સ પાર્ટી (NPP)નો 5 બેઠક, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)નો 3, પીપલ્સ પાર્ટી ઓફ અરૂણાચલ (PPA)નો 2, કોંગ્રેસ 1 અને અન્યનો 3 બેઠકો પર વિજય થયો છે.
- આ સાથે ભારતીય જનતા પાર્ટીના નેતા શ્રી પેમા ખાંડુએ ફરીથી અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.
- શ્રી પેમા ખાંડુને અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ શ્રી કૈવલ્ય ત્રિવિક્રમ પારનાઈકએ આ શપથ અપાવ્યા છે.
- શ્રી પેમા ખાંડુ 17 જુલાઈ 2016થી અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી છે.
- સૌપ્રથમ તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષમાંથી મુખ્યમંત્રી હતા. ત્યારબાદ તેઓ પીપલ્સ પાર્ટી ઓફ અરૂણાચલ પ્રદેશ પાર્ટીના અને પછીથી ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રી બન્યા હતા.

## સિક્કિમ



સિક્કિમમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં સિક્કિમના સત્તાધારી પક્ષ 'સિક્કિમ ક્રાંતિકારી મોર્ચા' (SKM)નો વિજય થયો છે.

- સિક્કિમ ક્રાંતિકારી મોર્ચા (SKM)નો 31 બેઠક પર વિજય થયો હતો.
- જ્યારે સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ (SDF)નો 1 બેઠક પર વિજય થયો હતો.
- આ સાથે સિક્કિમ ક્રાંતિકારી મોર્ચાના નેતા શ્રી પ્રેમસિંહ તમાંગે સિક્કિમના મુખ્યમંત્રી તરીકે બીજી વખત શપથ લીધા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

0
- સિક્કિમના રાજ્યપાલ શ્રી લક્ષ્મણ આચાર્યએ તેમને મુખ્યમંત્રી તરીકેના શપથ લેવડાવ્યા હતા.

નોંધ : (1) શ્રી પ્રેમસિંહ તમાંગ 27 મે, 2019થી સિક્કિમના મુખ્યમંત્રી તરીકે સેવા આપી રહ્યા છે.
(2) આ અગાઉ સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના નેતા શ્રી પવનકુમાર ચામલિંગ 12 ડિસેમ્બર, 1994 થી 26 મે, 2019 સુધી સિક્કિમના મુખ્યમંત્રી રહ્યા હતા.

## ચાર રાજ્યોમાં નવા મુખ્યમંત્રી

| ક્રમ | રાજ્ય | નવા મુખ્યમંત્રી | પક્ષ | રાજ્યની કુલ વિધાનસભા બેઠકો |
|---|---|---|---|---|
| 1 | આંધ્રપ્રદેશ | શ્રી એન.ચંદ્રબાબુ નાયડુ | તેલગુ દેશમ પાર્ટી (TDP) (NDA ગઠબંધન વાળી સરકાર) | 175 |
| 2 | ઓડિશા | શ્રી મોહન ચરણ માઝી | ભારતીય જનતા પાર્ટી | 147 |
| 3 | અરૂણાચલ પ્રદેશ | શ્રી પેમા ખાંડુ | ભારતીય જનતા પાર્ટી | 60 |
| 4 | સિક્કિમ | શ્રી પ્રેમસિંહ તમાંગ | સિક્કિમ ક્રાંતિકારી મોર્ચા | 32 |

## વિધાનસભા અને મુખ્યમંત્રી વિશે બંધારણીય જોગવાઈ

### વિધાનસભા

વિધાનસભા એ રાજ્યનું નીચલું ગૃહ તરીકે ઓળખાય છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 170માં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ– 170માં જોગવાઈ કરવામાં આવી છે. કે કોઈપણ રાજ્યની વિધાનસભાની સભ્ય સંખ્યા (બેઠકો) મહત્તમ 500 અને ઓછામાં ઓછી 60 રહેશે.
- પરંતુ અમુક રાજ્યોને છૂટ આપવામાં આવી છે કે જેમાં વિધાનસભાની સભ્ય સંખ્યા 60 કરતા ઓછી છે. આવા રાજ્યો નીચે મુજબ છે.

  (1) સિક્કિમ– 32 બેઠકો, (2) મિઝોરમ– 40 બેઠકો, (3) ગોવા– 40 બેઠકો.
- 28 રાજ્યો ઉપરાંત 3 કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ વિધાનસભાની વ્યવસ્થા છે. જેમા દિલ્હી, પુડુચેરી અને જમ્મુ કશ્મીરનો સમાવેશ થાય છે. (જમ્મુ–કાશ્મિરને વર્ષ 2019માં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો. હાલમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા કાર્યરત નથી પરંતુ સિમાંકન પૂરું થયા બાદ ટૂંક સમયમાં ત્યાં વિધાનસભા કાર્યરત થવાની સંભાવના છે. આથી હાલમાં દિલ્હી અને પુડુચેરી કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા કાર્યરત છે).

## વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત

બંધારણના અનુચ્છેદ– 173 મુજબ વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત નીચે મુજબ છે :

**વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત**

- તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
- તે વ્યક્તિ જે તે રાજ્યના વતની હોવા જોઈએ એટલે કે સંબંધિત રાજ્યના કોઈપણ મત ક્ષેત્રની મતદર યાદીમાં નામ હોવું જોઈએ.
- વ્યક્તિની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અંતર્ગતની કોઈ સેવાઓમાં લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ.

## વિધાનસભાના સભ્યના શપથ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 188 મુજબ વિધાનસભાના પ્રત્યેક સભ્યએ રાજ્યપાલ અથવા રાજ્યપાલ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ સમક્ષ બંધારણની અનુસૂચિ– 3 ના નમૂના મુજબ શપથ લેવાના હોય છે.

## મુખ્યમંત્રીની નિમણૂક

ભારતીય બંધારણના અનુચ્છેદ– 164 (1) મુજબ મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત રાજ્યોના રાજ્યપાલ કરશે.

- મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરે છે. જેનો અર્થ એ નથી કે રાજ્યપાલ કોઈપણ વ્યક્તિને મુખ્યમંત્રી બનાવી શકે.
- પરંતુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ રાજ્યપાલ બહુમતી ધરાવતા પક્ષને સરકાર બનાવવા આમંત્રણ આપે છે. અને આ બહુમતી ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- બીજી એ પણ શક્યતા છે જો કોઈ પક્ષને વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ન મળે તો જોડાણ (ગઠબંધન) દ્વારા બનેલા પક્ષોમાંથી સૌથી મોટા પક્ષને રાજ્યપાલ સરકાર બનાવવા આમંત્રિત કરે છે. અને ગઠબંધનના પક્ષો દ્વારા નક્કી કરેલ વ્યક્તિની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- આ ઉપરાંત બંધારણના અનુચ્છેદ– 164 (4)માં જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ ગૃહના (વિધાનસભા કે વિધાનપરિષદ) સભ્ય ન હોય પરંતુ ગૃહનો સભ્ય બનવાની લાયકાત ધરાવતા હોય તો તેને મુખ્યમંત્રી બનાવી શકાય છે.
- પરંતુ આવી વ્યક્તિએ વધુમાં વધુ 6 મહિનામાં કોઈપણ ગૃહનું સભ્યપદ મેળવવું અનિવાર્ય છે અન્યથા 6 મહિના બાદ તે મુખ્યમંત્રી પદ પર રહી શકશે નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## મુખ્યમંત્રીના શપથ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 164(3) મુજબ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ રાજ્યના રાજ્યપાલ સમક્ષ બંધારણની અનુસૂચિ 3 મુજબ હોદ્દાના શપથ ગ્રહણ કરવાના હોય છે.

## મુખ્યમંત્રીનો કાર્યકાળ

મુખ્યમંત્રીનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી. જ્યાં સુધી વિધાનસભામાં બહુમતી હોય ત્યાં સુધી મુખ્યમંત્રી પોતાના પદ પર રહે છે.

- પરંતુ વિધાનસભામાં બહુમતિ પ્રાપ્ત ન થાય તો રાજીનામું આપવું પડે છે. જો મુખ્યમંત્રી રાજીનામું આપવા તૈયાર ન થાય તો રાજ્યપાલ તેમને પદ પરથી બરખાસ્ત કરે છે.




## રાજ્ય મંત્રીપરિષદ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 163 (1)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલની મદદ માટે મંત્રીપરિષદ રહેશે.

- જ્યારે બંધારણના અનુચ્છેદ 164 (1)માં એવી જોગવાઈ કરવામા આવી છે કે રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી મંત્રીઓની નિમણૂક કરશે.
- રાજ્યની મંત્રીપરિષદમાં કેન્દ્રીય મંત્રીપરિષદ જેવી જ વ્યવસ્થા હોય છે અને મંત્રીઓને કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી તેમજ ઉપમંત્રી અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવે છે.

## મંત્રી બનવાની લાયકાત

- મંત્રીપદ માટે કોઈ વિશેષ જોગવાઈઓ નથી પરંતુ અનુચ્છેદ– 164 (4)માં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ :

  (a) વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ એક ગૃહ વિધાનસભા કે વિધાન પરિષદનો સભ્ય હોવો જોઈએ.

(b) જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈ ગૃહનો સભ્ય ન હોય તો તે વધુમાં વધુ 6 મહિના સુધી મંત્રી પદ પર રહી શકે છે જેનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિ 6-6 મહિના એમ કરીને ગૃહનો સભ્ય ન બને ત્યાં સુધી પ્રયત્ન કરી શકે આથી અહીં વધુમાં 6 વધુ મહિના શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

## શપથ

- મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા તેમણે બંધારણની અનુસૂચિ 3માં આપેલા નમૂના અનુસાર રાજ્યના રાજ્યપાલ સમક્ષ હોદ્દાના અને ગુપ્તાના શપથ લેવાના હોય છે.

## મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યા

- બંધારણ સભા દ્વારા મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા અંગે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નહોતી. પરંતુ બાદમાં 91માં 'બંધારણીય સુધારા અધિનિયમ, 2003' દ્વારા બંધારણના અનુચ્છેદ 164 (1) (a) અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના 15% થી વધારે ન હોવી જોઈએ અને મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા 12 થી ઓછી ન હોવી જોઈએ.

> **નોંધ :** રાજ્ય વિધાનમંડળના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાજ્યપાલને જવાબદાર છે તથા સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર છે.

ICE COMPETITIVE EXAMS

# Global Peace Index 2024

તાજેતરમાં ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક પીસ (IEP) દ્વારા 'Global Peace Index 2024' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સ 163 દેશો–પ્રદેશોનું મૂલ્યાંકન કરીને વૈશ્વિક શાંતિનું વ્યાપક માપ પ્રદાન કરે છે.
- આ ઈન્ડેક્સ સમગ્ર વિશ્વમાં હિંસાના વલણો, પરિણામો અને આર્થિક પ્રભાવોને પ્રકાશિત કરે છે.
- આ ઈન્ડેક્સમાં મૂલ્યાંકન કરાયેલા 163 દેશોમાંથી ભારત 116માં ક્રમે છે.
- આઈસલેન્ડ આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે એટલે કે તે સૌથી શાંતિપૂર્ણ દેશ છે.
- વિશ્વના ટોચના 5 સૌથી શાંતિપૂર્ણ દેશોમાં અનુક્રમે આઈસલેન્ડ, આયર્લેન્ડ, ઓસ્ટ્રિયા, ન્યુઝિલેન્ડ અને સિંગાપોરનો સમાવેશ થાય છે.



## 2024 Global Peace Index Ranking

| Rank | Country | Rank | Country |
|---|---|---|---|
| 1 | આઈસલેન્ડ | 7 | પોર્ટુગલ |
| 2 | આયર્લેન્ડ | 8 | ડેનમાર્ક |
| 3 | ઓસ્ટ્રિયા | 9 | સ્લોવેનિયા |
| 4 | ન્યૂઝીલેન્ડ | 10 | મલેશિયા |
| 5 | સિંગાપોર | 116 | ભારત |
| 6 | સ્વિત્ઝર્લેન્ડ | 163 | યમન |

નોંધ : (1) ગ્લોબલ પીસ ઈન્ડેક્સ (GPI)ને ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટા સાથે શાંતિ સંસ્થાઓ અને થિંક ટેન્કસના શાંતિ નિષ્ણાતોની આંતરરાષ્ટ્રીય પેનલ સાથે પરામર્શ કરીને વિકસાવ્યું છે.

(2) આ ઈન્ડેક્સ સૌપ્રથમ મે, 2009માં શરૂ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ અહેવાલો વાર્ષિક ધોરણે બહાર પાડવામાં આવે છે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'આંતરરાષ્ટ્રીય પારિવારિક પ્રેષણ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન **(B)**

2. ભારતમાં ફાધર્સ ડે તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 જૂન (B) જૂન માસનો ત્રીજો રવિવાર

(C) 22 જૂન (D) જૂન માસનો ચોથો રવિવાર **(B)**

3. ભારતમાં વર્ષ 2024ની લોકસભાની ચૂંટણીની સાથે નીચેનામાંથી કયા રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ ન હતી ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) ઓડિશા (C) ત્રિપુરા (D) આંધ્રપ્રદેશ **(C)**

4. તાજેતરના નવ નિયુક્ત મુખ્યમંત્રીશ્રીની જોડીમાંથી કઈ જોડ સાચી નથી ?

(A) આંધ્રપ્રદેશ–શ્રી એન. ચંદ્રબાબુ નાયડુ (B) ઓડિશા–શ્રી નવીન પટનાયક

(C) અરૂણાચલ પ્રદેશ–શ્રી પેમા ખાંડુ (D) સિક્કિમ–શ્રી પ્રેમસિંહ તમાંગ **(B)**

5. શ્રી મોહન ચરણ માઝી તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રી બન્યા છે ?

(A) ઓડિશા (B) બિહાર (C) છત્તીસગઢ (D) અરૂણાચલ પ્રદેશ **(A)**

6. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 152(1) (B) અનુચ્છેદ 252(1)

(C) અનુચ્છેદ 164(1) (D) અનુચ્છેદ 264(1) **(C)**

7. રાજ્યના મુખ્યમંત્રીએ કોની સમક્ષ શપથ લેવાના હોય છે ?

(A) રાજ્યપાલ સમક્ષ (B) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ સમક્ષ

(C) ઉપરાષ્ટ્રપતિ સમક્ષ (D) વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ **(A)**

8. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં વિધાનસભાની રચના અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ - 160 (B) અનુચ્છેદ - 163 (C) અનુચ્છેદ - 170 (D) અનુચ્છેદ - 181 **(C)**

9. 'Global Peace Index 2024'માં મૂલ્યાંકન કરાયેલ 163 દેશોમાં ભારતનું સ્થાન શું છે ?

(A) 111 (B) 125 (C) 108 (D) 116 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 17 જૂન, (1) વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ (World Day to Combat Desertification and Drought)
## (2) વિશ્વ મગર દિવસ (World Crocodile Day)

### વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 17 જૂનના રોજ 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ' ઉજવાય છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટે થઈ રહેલા આંતરરાષ્ટ્રીય પ્રયાસો અંગે જાગૃત્તિ ફેલાવવાનો છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ 1995 થી થયો હતો.
- SDG માટે 2030 એજન્ડામાં પૃથ્વીને ધોવાણથી બચાવવાનો સમાવેશ થાય છે, SDG 15નો ઉદ્દેશ્ય જમીનના અધોગતિ રોકવાનો છે.
- વર્ષ 2024ની 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેના દિવસ'ની થીમ 'United for Land : Legacy. Our Future' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 50મી G7 સમિટ (50th G7 Summit)



50મી G7 સમિટનું આયોજન ઈટાલી દ્વારા કરવામાં આવ્યું હતું.

- 50મી G7 સમિટ 13 જૂન થી 15 જૂન 2024 દરમિયાન ઈટાલીના એપુલિયામાં ફાસાનો શહેરમાં બોર્ગો એગ્નાઝિયા ખાતે યોજાઈ હતી.
- આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ હાજરી આપી હતી.
- ઈટાલીના વડાપ્રધાન સુશ્રી જ્યોર્જિયા મેલોનીએ આમંત્રિત દેશ તરીકે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને G7 સમિટ 2024માં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું.
- ભારત ઉપરાંત અલ્જેરિયા, આર્જેન્ટિના, બ્રાઝિલ, જોર્ડન, કેન્યા, મોરિટાનિયા–આફ્રિકન યુનિયન, ટ્યૂનિશિયા, તુર્કી, યુ.એ.ઈ., યુક્રેન અને વેટિકન સિટીએ પણ આમંત્રિત દેશ તરીકે ભાગ લીધો હતો.

- આ ઉપરાંત આફ્રિકન ડેવલપમેન્ટ બેંક, IMF, OECD, સંયુક્ત રાષ્ટ્ર અને વર્લ્ડ બેંક જેવી સંસ્થાએ પણ ભાગ લીધો હતો.
- આ સમિટ G7 જૂથની 50મી વર્ષગાંઠને ચિન્હિત કરે છે.
- સુશ્રી જ્યોર્જિયા મેલોનીએ 50મી G7 સમિટની અધ્યક્ષતા કરી હતી.

## 50મી G7 સમિટના મુખ્ય મુદ્દાઓ

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)

G7 દેશના નેતાઓ વધુ નિશ્ચિતતા, પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહિત કરવા માટે તેમના AI ગવર્નન્સ અભિગમો વચ્ચે આંતરકાર્યક્ષમતા વધારવાના પ્રયાસો વધારવા માટે પ્રતિબદ્ધ છે.

- તે એવી રીતે જોખમોનું સંચાલન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે જે નવીનતાને સમર્થન આપે અને સ્વસ્થ, સમાવિષ્ટ અને લાંબા સમય સુધી ચાલતી આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે.

### રશિયા-યુક્રેન સંઘર્ષ

અમેરિકા રશિયા સામે નવા પ્રતિબંધ લાદવાની યોજના બનાવી રહ્યું છે.

- G7 દેશો વર્ષ 2024ના અંત સુધીમાં યુક્રેનને વધારાના ભંડોળમાં આશરે 50 બિલિયન અમેરિકન ડોલરનું ધિરાણ પૂરું પાડવા માટે સંમત થયા હતા.
- યુક્રેનના રાષ્ટ્રપતિએ યુક્રેનના પુનઃનિર્માણ માટે 'માર્શલ પ્લાન' માટે G7ને વિનંતી કરી હતી.

### G7 - PGII

50મી G7 સમિટમાં હાજરી આપતા નેતાઓએ G7 પાર્ટનરશિપ ફોર ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ (PGII)ની મહત્ત્વપૂર્ણ પહેલને પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યુ હતું.

- આ પહેલ યુએસ અને G7 સભ્યોએ 2022માં 48મી G7 સમિટમાં શરૂ કરી હતી. જેનો ઉદ્દેશ્ય વિકાસશીલ વિશ્વમાં 40 ટ્રિલિયન અમેરિકન ડોલર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગેપને ઘટાડવાનો છે.
- આ પહેલ હેઠળ G7 વિકાસશીલ અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પહોંચાડવા માટે 2027 સુધીમાં 600 બિલિયન અમેરિકન ડોલર એકત્રિત કરશે.

### IMEC

G7 રાષ્ટ્રો IMECને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

- સપ્ટેમ્બર 2023માં નવી દિલ્હીમાં G20 સમિટમાં તેના પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IMEC શું છે ?

IMECનું પૂરું નામ 'India-Middle East-Europe Economic Corridor' છે.

- IMECની સ્થાપના માટે ભારત, US, સાઉદી અરેબિયા, યુરોપિયન યુનિયન, UAE, ફ્રાન્સ, જર્મની અને ઈટાલીની સરકારો વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- IMEC એ વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ (PGII) માટે ભાગીદારી તરીકે ઓળખાતી વ્યાપક પહેલનો એક ભાગ છે.
- નોંધનીય છે કે PGII શરૂઆતમાં જૂન 2021માં યુકેમાં G7 સમિટ દરમિયાન રજૂ કરવામાં આવ્યું હતું.
- IMEC એ ભારત, મધ્યપૂર્વ અને યુરોપને જોડતો મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે.
- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રેલવે અને દરિયાઈ માર્ગો સહિત પરિવહન કોરિડોરનું નેટવર્ક સ્થાપિત કરવાનો છે.
- IMECને ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ (BRI)ના પ્રતિભાવ તરીકે જોવામાં આવે છે, જે વૈકલ્પિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નેટવર્ક પૂરું પાડે છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને સમર્થન

G7એ મધ્ય આફ્રિકામાં લોબિટો કોરિડોર અને લુઝોન કોરિડોર તથા મિડલ કોરિડોર માટે પણ સમર્થન આપ્યું હતું.

- લોબિટો કોરિડોર એ એન્ગોલાના એટલાન્ટિક કિનારે આવેલા બંદર શહેર લોબિટોથી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DRC) અને ઝામ્બિયા સુધી વિસ્તરે છે.
- મિડલ કોરિડોર અથવા મધ્ય કોરિડોરને ટ્રાન્સ–કેસ્પિયન ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ રૂટ (TITR) તરીકે પણ ઓળખવામાં આવે છે, જે યુરોપ અને એશિયાને જોડતું એક મહત્ત્વપૂર્ણ લોજિસ્ટિક્સ અને પરિવહન નેટવર્ક છે.
- આ માર્ગ પરંપરાગત ઉત્તરીય અને દક્ષિણી કોરિડોરના વિકલ્પ તરીકે કામ કરે છે, જેનાથી તે પસાર થતા પ્રદેશો વચ્ચે વેપાર અને આર્થિક સહકારમાં વધારો કરે છે.
- લુઝોન કોરિડોર એક વ્યૂહાત્મક આર્થિક અને માળખાકીય કોરિડોર છે જે ફિલિપાઈન્સના લુઝોન ટાપુ પર સ્થિત છે. આ ટાપુ ફિલિપાઈન્સમાં સૌથી મોટો અને સૌથી વધુ વસતી ધરાવતો ટાપુ છે.

## G-7 જૂથ

G-7 અથવા તો 'Group of Seven'માં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને કેનેડા એમ કુલ 7 સભ્યો દેશોનો સમાવેશ થાય છે.

- તેની સ્થાપના વર્ષ 1975માં થઈ હતી.
- G-7 એ એક આંતરરાષ્ટ્રીય આંતર સરકારી આર્થિક સંગઠન છે.
- 1975માં એ સમયે ટોચની અર્થવ્યવસ્થાઓ દ્વારા વિશ્વના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવા માટે આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- પ્રારંભમાં અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની અને ઈટલી એમ કુલ 6 દેશો દ્વારા આ જૂથની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, એ સમયે તે G-6 અથવા તો 'Group of Six' તરીકે ઓળખાતું હતું.
- જોકે, 1977માં તેમાં કેનેડાનો સમાવેશ થતાં તે G-7 અથવા તો 'Group of Seven' તરીકે ઓળખાયું.
- હાલ (જૂન 2024ની સ્થિતિએ) આ જૂથમાં 7 દેશોનો સમાવેશ થાય છે.
- જોકે, અગાઉ 1998માં આ જૂથમાં રશિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આથી, તે સમયે આ જૂથ G-8 અથવા તો 'Group of Eight' તરીકે ઓળખાતું હતું.
- જોકે, વર્ષ 2014માં ક્રીમિયા વિવાદને કારણે રશિયાને આ જૂથમાંથી હટાવી દેવામાં આવ્યું હતું.

નોંધ : (1) G-7 નું કોઈ ઔપચારિક બંધારણ નથી અને તેનું કોઈ નિશ્ચિત વડું મથક પણ નથી.
(2) આ જૂથની વાર્ષિક સમિટની અધ્યક્ષતા સાતેય સભ્ય દેશોના નેતાઓ દ્વારા રોટેશનલ ધોરણે વારાફરતી કરવામાં આવે છે.
(3) વર્ષ 2023માં જાપાનમાં 49મી G-7 સમિટનું આયોજન થયું હતું.
(4) વિશ્વમાં સૌથી વધુ GDPના આંકડા ધરાવતા અને બે સૌથી વધુ વસતી ધરાવતા દેશો ચીન અને ભારત આ જૂથનો ભાગ નથી.
(5) હવે પછી વર્ષ 2025માં 51મી G-7 સમિટ કેનેડામાં યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બ્રાઝિલની પેન્ટાનલ વેટલેન્ડ્સ



બ્રાઝિલની પેન્ટાનલ વેટલેન્ડ્સ અત્યંત શુષ્ક પરિસ્થિતિઓને કારણે જંગલની આગમાં અભૂતપૂર્વ વધારાનો સામનો કરી રહી છે.

- પેન્ટાનલ વેટલેન્ડ્સમાં આગ આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ દસ ગણી વધીને 2020 પછીના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગઈ છે.

## પેન્ટાનલ વેટલેન્ડ વિશે

પેન્ટાનલ વેટલેન્ડ વિશ્વની સૌથી મોટી ઉષ્ણકટિબંધિય વેટલેન્ડ છે, જે બોલોવિયા, બ્રાઝિલ અને પેરાગ્વેમાં ફેલાયેલી છે.

- લગભગ 80 ટકા પેન્ટાનલ બ્રાઝિલમાં છે.
- તે 140,000 થી 195,000 ચોરસ કિલોમીટરના અંદાજિત વિસ્તારને આવરી લે છે.
- વરસાદની મોસમ દરમિયાન લગભગ 80% પૂરના મેદાનો ડૂબી જાય છે, જે વિવિધ પ્રકારના જળચર છોડને ઉત્તેજન આપે છે અને અસંખ્ય પ્રાણીઓની પ્રજાતિઓને ટેકો આપે છે.
- બ્રાઝિલમાં રાષ્ટ્રીય ધરોહર તરીકે નિયુક્ત તે પશુ ચરાવવા, પ્રદૂષણ અને માળખાકીય વિકાસ જેવી પ્રવૃત્તિઓથી જોખમોનો સામનો કરે છે.
- તેનું પર્યાવરણીય મહત્ત્વ હોવા છતા પેન્ટાનલનો 5% કરતા ઓછો ભાગ સુરક્ષિત છે, જેમાં મોટાભાગની ખાનગી માલિકી હેઠળ છે.

## JIMEX - 24 : ભારત - જાપાન



દ્વિપક્ષીય જાપાન–ભારત મેરીટાઈમ એક્સરસાઈઝ 2024 (JIMEX 24)ની આઠમી આવૃત્તિ જાપાનના યોકોસુકામાં યોજાઈ રહી છે.

- આ કવાયતમાં બંદર પર વ્યાવસાયિક, રમતગમત અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે બંદર અને દરિયાઈ તબક્કાનો સમાવેશ થાય છે.
- ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ INS શિવાલિક દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- અને જાપાન મેરીટાઈમ સેલ્ફ–ડિફેન્સ ફોર્સ (JMSDF)નું પ્રતિનિધિત્વ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર જેએસ યુગિરી દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- બંને નૌકાદળના અભિન્ન હેલિકોપ્ટર પણ સંયુક્ત કવાયતમાં ભાગ લેશે.
- આ કવાયત એકબીજાની શ્રેષ્ઠ પ્રથાઓમાંથી શીખવાની તક પૂરી પાડે છે તથા ભારત અને જાપાન વચ્ચે ઓપરેશનલ ક્રિયાપ્રતિક્રિયાઓની સુવિધા આપે છે.

નોંધ : (1) જાન્યુઆરી, 2012માં દરિયાઈ સુરક્ષા સહયોગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને JIMEX શ્રેણીની કવાયત શરૂ થઈ હતી.

(2) તે ભારતીય નૌકાદળ અને જાપાનીઝ મેરીટાઈમ સેલ્ફ–ડિફેન્સ ફોર્સ (JMSDF) વચ્ચે દ્વિવાર્ષિક રીતે હાથ ધરવામાં આવે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 જૂન (B) 16 જૂન (C) 17 જૂન (D) 18 જૂન **(C)**

2. વર્ષ 2024ની 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેના દિવસ'ની થીમ શું હતી ?
(A) Rising up from drought together
(B) Rising up from-Feed Fiber Food
(C) Food Feed Fiber
(D) United for Land : Legacy. Our Future **(D)**

3. 'વિશ્વ મગર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 16 જૂન (B) 17 જૂન (C) 18 જૂન (D) 19 જૂન **(B)**

4. તાજેતરમાં ઈટાલીમાં કેટલામી G-7 સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) 48મી (B) 49મી (C) 50મી (D) 51મી **(C)**

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ G-7 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તેની સ્થાપના વર્ષ 1975માં થઈ હતી.
2. તેના વર્તમાન 7 સભ્ય દેશોમાં અમેરિકા, બ્રિટન, જાપાન, જર્મની, ફ્રાન્સ, ઈટલી અને કેનેડાનો સમાવેશ થાય છે.
3. વર્ષ 2014માં બ્રાઝિલને આ જૂથમાંથી હટાવી દેવામાં આવ્યું હતું.
4. તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડી. સી. ખાતે આવેલું છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો
(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

6. તાજેતરમાં સમાચારમાં રહેલ 'IMEC' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તેનું પૂરું નામ 'India-middle East-Europe Economic corridor' છે.
2. તેની સ્થાપના માટે ભારત, US, સાઉદી અરેબિયા, EU, UAE, ફ્રાન્સ, જર્મની અને ઈટાલીની સરકારો વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
3. તે વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ (PGII) માટે ભાગીદારી તરીકે ઓળખાતી વ્યાપક પહેલનો ભાગ છે.
4. તેની સ્થાપનાનો વિચાર વર્ષ 2017ની G20 સમિટ દરમિયાન તુર્કીએ રજૂ કર્યો હતો.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1 અને 3 (D) 1, 2, 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. 'પેન્ટાનલ વેટલેન્ડ્સ' તાજેતરમાં ચર્ચામાં હતી. તેના વિશે નીચેના નિવેદનો ધ્યાને લો :

1. તે વિશ્વની સૌથી મોટી ઉષ્ણકટિબંધીય વેટલેન્ડ છે.
2. તે બોલોવિયા, બ્રાઝિલ અને પેરાગ્વેમાં ફેલાયેલી છે.

ઉપરોક્ત પૈકી કયું નિવેદન સાચું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 18 જૂન, ઓટિસ્ટિક ગૌરવ દિવસ (Autistic Pride Day)

દર વર્ષે 18 જૂનના રોજ 'ઓટિસ્ટિક ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ઓટીઝમ વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ દિવસે સમાજમાં એક સંદેશ આપવામાં આવે છે કે ઓટીઝમ એ કોઈ રોગ નથી પણ એક સ્થિતિ છે.
- ઓટીઝમ એ વિકાસલક્ષી વિકાર છે જે વ્યક્તિની બોલવાની અને વાતચીત કરવાની ક્ષમતાને અસર કરે છે.
- સરળ ભાષામાં કહીએ તો ઓટીઝમ એક એવી વિકૃતિ (ડિસઓર્ડર) છે જેમાં બાળક સામાજિક રીતે જોડાઈ શકતું નથી અને પોતાની લાગણીઓ સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકતું નથી.
- ઓટીઝમના લક્ષણોમાં આંખથી આંખ મેળવીને વાત ન કરી શકવી, શબ્દોનો ઉપયોગ કર્યા વિના ગણગણાટ કરવો, એકલા હોવાના કારણે અન્ય લોકો સાથે ભળવું મુશ્કેલ લાગે છે, બોલવામાં તકલીફ અનુભવાય, પ્રશ્નોના ખોટા જવાબ આપે વગેરેનો સમાવેશ થાય છે.
- WHOના આંકડા અનુસાર 160માંથી એક બાળક ઓટીસ્ટિક છે.

**નોંધ :** 18 જૂનના રોજ 'ઓટિસ્ટિક ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે જ્યારે 2 એપ્રિલના રોજ 'વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## મત્સ્ય 6000 (Matsya 6000)

ભારત પોતાનું ડીપ સી મિશન ધરાવનાર છઠ્ઠો દેશ બનવાની તૈયારીમાં છે.

- ડીપ–સી મિશનની ઊંડે બંદર Trail (40-50m)નો પહેલો તબક્કો સપ્ટેમ્બર 2024 સુધીમાં આયોજિત છે.
- આ મિશનમાં ભારતીય અર્થવ્યવસ્થાના એકંદર વિકાસમાં મોટો ફાળો આપવાની ક્ષમતા છે.

### મત્સ્ય 6000 વિશે ?

'મત્સ્ય 6000' ત્રણ વ્યક્તિનું સબમર્સિબલ છે, જે દરિયાની નીચે 6000 મીટર સુધી જઈ શકશે.



- આ સબમર્સિબલ ચેન્નાઈની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેક્નોલોજી (NIOT) દ્વારા વિકસાવવામાં આવી રહ્યું છે.
- તે 80mm જાડા ટાઈટેનિયમ એલોયથી બનેલું છે અને તે દરિયાની સપાટીથી 600 ગણા વધારે દબાણનો સામનો કરી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મત્સ્ય 6000 12 થી 16 કલાક સુધી કામ કરી શકશે અને 96 કલાક ઓક્સિજન પુરવઠો આપશે.
- તે સમુદ્રયાન મિશનના ભાગરૂપે બનાવવામાં આવ્યું છે.

નોંધ : યુ.એસ.એ, રશિયા, ચીન, ફ્રાન્સ અને જાપાન જેવા દેશોએ પહેલાથી જ સફળ ઊંડા સમુદ્રના ક્રૂ મિશન હાંસલ કર્યા છે.


## ડીપ ઓશન મિશન (Deep Ocean Mission)

ડીપ ઓશન મિશન (અનૌપચારિક રીતે સમુદ્રયાન તરીકે ઓળખાય છે) એ સમુદ્રની ઊંડાઈનું અન્વેષણ કરવા અને તેનો ઉપયોગ કરવાની મહત્ત્વાકાંક્ષી ભારતીય પહેલ છે.

- તે લગભગ 4,077 કરોડના બજેટ સાથે 2021માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ પાંચ વર્ષનું મિશન છે.
- આ મિશનનો ઉદ્દેશ ઊંડા સમુદ્રમાં ખાણકામ, માનવસહિત સબમર્સિબલ્સ અને પાણીની અંદરના રોબોટિક્સ તેમજ સમુદ્રી આબોહવા પરિવર્તન સલાહકાર સેવાઓ, ઊંડા સમુદ્રના સર્વેક્ષણ અને સંશોધન માટે ટેક્નોલોજી વિકસાવવાનો છે.
- પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES) આ બહુ–સંસ્થાકીય મહત્ત્વાકાંક્ષી મિશનને અમલમાં મુકવા માટે નોડલ મંત્રાલય છે.

## કાવલી પુરસ્કાર (Kavli Prize)

તાજેતરમાં આઠ વૈજ્ઞાનિકોને એસ્ટ્રોફિઝિક્સ (ખગોળ ભૌતિકી), ન્યુરોસાયન્સ અને નેનોસાયન્સમાં તેમના યોગદાન માટે 2024 કાવલી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.




- વર્ષ 2024માં સન્માનિત થયેલા તમામ આઠ વૈજ્ઞાનિકો અગ્રણી અમેરિકન યુનિવર્સિટીના પ્રોફેસર છે.

### વર્ષ 2024ના વિજેતા

#### એસ્ટ્રોફિઝિક્સ

**વિજેતા** : હાર્વડ યુનિવર્સિટીના ડેવિડ ચાર્બોન્યુ અને મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના સારા સીગર

**સિદ્ધિઓ** : ગ્રહો અને તેમના વાતાવરણની શોધ અને તેમની લાક્ષણિકતાઓનું વર્ણન.

**યોગદાન** : ગ્રહોના વાતાવરણમાં પરમાણુ તત્ત્વો શોધવા અને ગ્રહોના વાતાવરણમાં મોલેક્યુલર ફિંગરપ્રિન્ટ્સને ઓળખવા માટે મહત્ત્વપૂર્ણ થર્મલ ઈન્ફ્રારેડ ઉત્સર્જનને માપવા માટે અગ્રણી પદ્ધતિઓ સ્થાપિત કરવી

## નેનોસાયન્સ

**વિજેતા** : MITના રોબર્ટ લેંગર, યુનિવર્સિટી ઓફ શિકાગોના આર્મન્ડ પોલ અલીવિસાટોસ અને નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીના ચાડ મિર્કિન

**રોબર્ટ લેંગરનું યોગદાન** : નિયંત્રિત દવા વિતરણ પ્રણાલી માટે નેનો એન્જિનિયરિંગ

**એલિવિસેટોસનું યોગદાન** : બાયો–ઈમેજિંગ માટે સેમિકન્ડક્ટર ક્વોન્ટમ બિંદુઓનો વિકાસ

**ચાડ મિર્કિનનું યોગદાન** : જીન રેગ્યુલેશન અને ઈમ્યુનોથેરાપી એપ્લિકેશન માટે ગોળાકાર ન્યુક્લિક એસિડ્સ (SNA)નો ખ્યાલ

## ન્યુરોસાયન્સ

**વિજેતા** : નેન્સી કનવિશર (MIT), વિનરિચ ફ્રીવાલ્ડ (રોક ફેલર યુનિવર્સિટી), ડોરિસ ત્સાઓ (યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલે)

**યોગદાન** : ન્યુરોઈમેજિંગ અને ન્યુરોનલ રેકોર્ડીંગ તકનીકોનો ઉપયોગ કરીને ચહેરાની ઓળખ સાથે સંબંધિત મગજના કાર્યોને મેપ કરવા, ચહેરાની પ્રક્રિયામાં સામેલ મગજના કેન્દ્રો અને ન્યુરલ સ્ટ્રક્ચર્સને ઓળખવા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાવલી પુરસ્કાર

કાવલી પુરસ્કાર એ એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે જે વૈજ્ઞાનિકોને ખગોળ ભૌતિકશાસ્ત્ર, નેનોસાયન્સ અને ન્યુરોસાયન્સના ક્ષેત્રોમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે માન્યતા આપે છે.

- દર બે વર્ષે આપવામાં આવતા આ એવોર્ડની શરૂઆત વર્ષ 2008માં કરવામાં આવી હતી.
- તેનું નામ નોર્વેજીયન–અમેરિકન ઉદ્યોગપતિ અને પરોપકારી ફ્રેડ કાવલીના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ પુરસ્કાર નોર્વેજીયન એકેડેમી ઓફ સાયન્સ એન્ડ લેટર્સ દ્વારા કાવલી ફાઉન્ડેશન અને નોર્વેના શિક્ષણ અને સંશોધન મંત્રાલયની ભાગીદારીમાં આપવામાં આવે છે.
- કાવલી પુરસ્કાર નોબેલ પુરસ્કાર જેવો જ પુરસ્કાર છે જે એસ્ટ્રોફિઝિક્સ, ન્યુરોસાયન્સ અને નેનોસાયન્સના ક્ષેત્રમાં આપવામાં આવે છે.
- મુખ્ય તફાવત એ છે કે નોબેલ પુરસ્કાર 'ગત વર્ષ દરમિયાન' સિદ્ધિઓ માટે આપવામાં આવે છે, જ્યારે કાવલી પુરસ્કાર કોઈપણ વર્ષમાં સિદ્ધિઓને માન્યતા આપે છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'ઓસ્ટિક ગૌરવ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 જૂન (B) 19 જૂન (C) 20 જૂન (D) 21 જૂન **(A)**

2. 'મત્સ્ય 6000' તાજેતરમાં સમાચારમાં હતું, તે કઈ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવ્યું છે ?

(A) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT), બોમ્બે

(B) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT), ચેન્નાઈ

(C) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશોનોગ્રાફી (NEO), દિલ્હી

(D) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેક્નોલોજી (NIOT), ચેન્નાઈ **(D)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'મત્સ્ય 6000'ના સંદર્ભમાં નીચેના નિવેદનો ધ્યાનમાં લો :

1. તે ફ્રાન્સની તકનીકી સહાયથી વિકસિત માનવરહિત સબમર્સિબલ વાહન છે.
2. તેને સમુદ્રયાન મિશન હેઠળ વિકસાવવામાં આવ્યું છે.
3. તે ત્રણ વ્યક્તિનું સબમર્સિબલ છે, જે દરિયાની નીચે 6000 મીટર સુધી જઈ શકશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(B)**

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'કાવલી પ્રાઈઝ' કયા ક્ષેત્ર માટે આપવામાં આવે છે ?

(A) એસ્ટ્રોફિઝિક્સ (B) નેનોસાયન્સ

(C) ન્યુરોસાયન્સ (D) ઉપરોક્ત તમામ **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 જૂન, વિશ્વ સિકલ સેલ જાગૃતિ દિવસ (World Sickle Cell Awarness Day)





સિકલ સેલ નામના રોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 19 જૂનના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 2008માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2009થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- સિકલ સેલ એ એક આનુવંશિક રોગ છે જેમાં લાલ રક્તકણો ગોળાકારને બદલે સિકલ આકારના હોય છે.
- આ રોગથી પીડિત વ્યક્તિને વારંવાર બ્લડ ચઢાવવાની જરૂર પડે છે.
- હાંફ ચઢવો, નબળી રોગપ્રતિકારક શક્તિ, વારંવાર ચેપ, અટકેલી વૃદ્ધિ, જોવામાં મુશ્કેલી, હાથ પગમાં સોજો વગેરે તેમના લક્ષણો છે.

## Environmental Performance Index 2024

તાજેતરમાં ધી યેલ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ લૉ એન્ડ પોલિસી અને કોલંબિયા સેન્ટર ફોર ઈન્ટરનેશનલ અર્થ સાયન્સ ઈન્ફોર્મેશન નેટવર્કે 2024 માટે એન્વાયર્નમેન્ટલ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (EPI) (પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક 2024) બહાર પાડ્યો છે.




- આ ઈન્ડેક્સમાં ભારત 27.6 પોઈન્ટ સાથે 180 દેશોમાંથી 176મા ક્રમે છે.
- જે ઉત્સર્જન ઘટાડવા અને પર્યાવરણીય સ્થિરતામાં તેના પ્રયત્નોને સુધારવાની દેશની જરૂરિયાતને પ્રકાશિત કરે છે.
- એસ્ટોનિયા '2024 પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક'માં પ્રથમ ક્રમે છે, જે છેલ્લા દાયકામાં નવીનીકરણીય ઊર્જા પહેલ દ્વારા GHG ઉત્સર્જનમાં 40%નો નોંધપાત્ર ઘટાડો કરે છે.
- અહેવાલ દર્શાવે છે કે માત્ર પાંચ દેશો એસ્ટોનિયા, ફિનલેન્ડ, ગ્રીસ, તિમોર–લેસ્ટે અને યુનાઈટેડ કિંગ્ડમે 2050 સુધીમાં ચોખ્ખી શૂન્ય સુધી પહોંચવા માટે જરૂરી દરે તેમના GHG ઉત્સર્જનમાં ઘટાડો કર્યો છે.
- ભારતના ખરાબ પ્રદર્શન માટેના મુખ્ય કારણોમાં કોલસા પર ભારે નિર્ભરતા, ઉચ્ચ વાયુ પ્રદૂષણ સ્તર, અનુમાનિત ઉત્સર્જન હવાની ગુણવત્તા વગેરેનો સમાવેશ થાય છે.

## પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક 2024 રેન્ક

| ક્રમ | દેશ | સ્કોર | ક્રમ | દેશ | સ્કોર |
|---|---|---|---|---|---|
| 1 | એસ્ટોનિયા | 75.3 | 101 | ભૂટાન | 43.3 |
| 2 | લક્ઝમબર્ગ | 75.0 | 131 | શ્રીલંકા | 38.7 |
| 3 | જર્મની | 74.6 | 154 | ચીન | 35.5 |
| 4 | ફિનલેન્ડ | 73.7 | 165 | નેપાળ | 32.9 |
| 5 | યુનાઈટેડ કિંગ્ડમ | 72.7 | 171 | અફઘાનિસ્તાન | 30.7 |
| 6 | સ્વીડન | 70.5 | 175 | બાંગ્લાદેશ | 27.8 |
| 7 | નોર્વે | 70.0 | 176 | ભારત | 27.6 |
| 8 | ઓસ્ટ્રિયા | 69.0 | 177 | મ્યાનમાર | 26.9 |
| 9 | સ્વિત્ઝર્લેન્ડ | 68.0 | 178 | લાઓસ | 26.1 |
| 10 | ડેનમાર્ક | 67.9 | 179 | પાકિસ્તાન | 25.5 |
| 34 | યુ.એસ.એ. | 57.3 | 180 | વિયેતનામ | 24.5 |

નોંધ : (1) પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક (EPI) એ દ્વિવાર્ષિક સૂચકાંક છે.

(2) જે શરૂઆતમાં 2002માં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા પર્યાવરણીય સ્થિરતા સૂચકાંક (ESI) નામ હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગાંધી સાગર વન્યજીવ અભયારણ્ય

મધ્યપ્રદેશમાં ગાંધી સાગર વન્યજીવ અભયારણ્યને ભારતમાં ચિત્તાઓ માટે બીજા નિવાસસ્થાન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.



- તાજેતરમાં મધ્યપ્રદેશ સરકારે માહિતી આપી હતી કે આફ્રિકાથી ચિત્તાઓને ફરીથી દાખલ કરવા માટેની તૈયારીઓ પૂર્ણ કરી છે.
- કુનો નેશનલ પાર્ક પછી ભારતમાં ચિત્તાઓ માટે તે બીજું ઘર હશે.

### ગાંધી સાગર વન્યજીવ અભયારણ્ય

ગાંધી સાગર વન્યજીવ અભયારણ્ય મધ્યપ્રદેશમાં આવેલું છે, જેમાં મંદસૌર અને નીમચ જિલ્લાના ભાગોનો સમાવેશ થાય છે.

- અભયારણ્ય 368.62 ચોરસ કિ.મી.માં ફેલાયેલું છે.
- 1974માં અધિસૂચિત આ અભયારણ્યના મુખ્ય હિસ્સામાં છૂટાછવાયા વનસ્પતિ અને ખડકાળ ભૂપ્રદેશ તથા ગાઢ જંગલોના નાના ભાગો સાથે વિશાળ ખુલ્લા લેન્ડસ્કેપનો સમાવેશ થાય છે.
- ચંબલ નદી આ અભયારણ્યમાંથી વહે છે, જે તેને બે ભાગમાં વહેંચે છે.
- તેમાં ઉત્તરીય ઉષ્ણકટિબંધીય શુષ્ક પાનખર જંગલ, ઉત્તરીય ઉષ્ણકટિબંધીય શુષ્ક મિશ્ર પાનખર જંગલ અને શુષ્ક પાનખર ઝાડીનો સમાવેશ થાય છે.

**નોંધ :**
(1) 2022માં નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA)એ 'પ્રોજેક્ટ ચિત્તા' હેઠળ આફ્રિકાથી ચિત્તાઓને ભારતમાં સ્થળાંતરિત કરવા માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન સાથે સમજૂતિ કરાર (MOU) પર હસ્તાક્ષર કર્યા હતા.
(2) NTCAની 19મી બેઠક દરમિયાન પર્યાવરણ મંત્રાલયે 'ભારતમાં ચિત્તા પરિચય માટે એક્શન પ્લાન' જાહેર કર્યો હતો.
(3) આ એક્શન પ્લાન હેઠળ આગામી 5 વર્ષમાં નામિબિયામાંથી 50 આફ્રિકન ચિત્તા ભારતમાં ટ્રાન્સફર કરવામાં આવશે.
(4) નોંધનીય છે કે ચિત્તા પ્રોજેક્ટ હેઠળ સપ્ટેમ્બર, 2022માં કુનો નેશનલ પાર્કમાં આઠ ચિત્તાઓને પ્રથમ વખત નામીબીયાથી લાવવામાં આવ્યા હતા.
(5) ત્યારબાદ ફેબ્રુઆરી, 2023માં દક્ષિણ આફ્રિકાથી 12 ચિત્તા લાવવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચિત્તા વિશે

ચિત્તો એ બિલાડીની સૌથી જૂની જાતિઓમાંનો એક છે.
- જેના પૂર્વજો પાંચ મિલિયન કરતા પણ વધુ વર્ષો પહેલા મિયોસિન યુગમાં શોધી શકાય છે.
- ચિત્તા એ વિશ્વના સૌથી ઝડપી ભૂમિ સસ્તન પ્રાણી છે.
- તે 80 થી 128 કિમી/કલાકની ઝડપે દોડવા સક્ષમ હોવાનો અંદાજ છે.

## આફ્રિકન ચિત્તા

આફ્રિકન ચિત્તાનું વૈજ્ઞાનિક નામ 'Acinonyx Jubatus' છે.
- તેમની ત્વચા સહેજ ભૂરા અને સોનેરી રંગની હોય છે જે એશિયાટિક ચિત્તા કરતા જાડી હોય છે.

- તેમના ચહેરા પર એશિયન પ્રજાતિઓ કરતા ઘણા વધુ ફોલ્લીઓ અને રેખાઓ છે.
- તે સમગ્ર આફ્રિકન ખંડમાં હજારોની સંખ્યામાં જોવા મળે છે.
- સંરક્ષણ સ્થિતિ :

  (1) IUCN રેડ લિસ્ટ : સંવેદનશીલ,

  (2) CITESની યાદી : સૂચિનું પરિશિષ્ટ–I,

  (3) વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, 1972 (WPA) : પરિશિષ્ટ–II



## એશિયાટિક ચિત્તા

એશિયાટિક ચિત્તાનું વૈજ્ઞાનિક નામ 'Acinonyx Jubatus Veneticus' છે.

- તેનું કદ આફ્રિકન ચિત્તા કરતા નાનુ છે.
- એશિયાટિક ચિત્તાના શરીર પર ખૂબ જ રુંવાટી હોય છે.
- તથા ટૂંકુ માથુ અને લાંબી ગરદન અને આંખો સામાન્ય રીતે લાલ હોય છે તથા ઘણીવાર બિલાડીઓ જેવા દેખાય છે.
- એશિયાટિક ચિત્તા ફક્ત ઈરાનમાં જ જોવા મળે છે. જે થોડા માત્રામાં જ હવે રહ્યા છે.
- સંરક્ષણ સ્થિતિ :

  (1) IUCN રેડ લિસ્ટ : ક્રિટિકલી એન્ડેન્જર્ડ,

  (2) CITES : પરિશિષ્ટ–I,

  (3) WPA : પરિશિષ્ટ–II



## કુનો નેશનલ પાર્ક

કુનો નેશનલ પાર્કની સ્થાપના વર્ષ 1981માં શિયોપુર અને મોરેના જિલ્લામાં 344.686 $km^2$ ના પ્રારંભિક વિસ્તાર સાથે વન્યજીવ અભ્યારણ્ય તરીકે કરવામાં આવી હતી.

- ત્યારબાદ વર્ષ 2018માં રાષ્ટ્રીય ઉદ્યાનનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- તેનું નામ કુનો નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે. જે ચંબલ નદીની મખ્ય ઉપનદીઓમાંની એક છે.
- તેમાં ચિતલ, સાંભર, નીલગાય, જંગલી ભૂંડ, ચિકારા, જંગલી બિલાડી, ભારતી વરુ વગેરે જેવા પ્રાણીઓ વસવાટ કરે છે.

## તરંગ શક્તિ - 2024 (Tarang Shakti 2024)

ભારત ઓગસ્ટ 2024માં તરંગ શક્તિ-2024 નામની તેની પ્રથમ બહુરાષ્ટ્રીય હવાઈ કવાયત કરશે.



- જેમાં 10 દેશો ભાગ લેશે અને કેટલાક અન્ય નિરીક્ષકો તરીકે જોડાશે.
- તે યુ.એસ. દ્વારા આયોજિત રેડ ફ્લેગ કવાયતથી પ્રેરિત છે.
- તેનું આયોજન બે તબક્કામાં કરવામાં આવશે, જેનો પ્રથમ તબક્કો દક્ષિણ ભારતમાં અને બીજો પશ્ચિમમાં હશે.
- ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, જર્મની, જાપાન, સ્પેન, સંયુક્ત આરબ અમિરાત (UAE), યુનાઈટેડ કિંગ્ડમ (UK) અને અમેરિકા આ કવાયતમાં ભાગ લે તેવી અપેક્ષા છે.
- આ કવાયતમાં જર્મની દ્વારા A-400M એરક્રાફ્ટ પ્રદર્શિત કરવામાં આવશે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ સિકલ સેલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 જૂન (B) 18 જૂન (C) 19 જૂન (D) 20 જૂન **(C)**

2. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક 2024' (Environmental Performance Index 2024)માં ભારત કયા ક્રમે છે ?

(A) 176 (B) 161 (C) 152 (D) 146 **(A)**

3. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક 2024' (Environmental Performance Index 2024)માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) સ્વીડન (B) આઈસલેન્ડ (C) એસ્ટોનિયા (D) નેધરલેન્ડ **(C)**

4. તાજેતરમાં મધ્યપ્રદેશ સરકારે કરેલી જાહેરાત અનુસાર મધ્યપ્રદેશમાં કયા અભયારણ્યને ભારતમાં ચિત્તાઓ માટે બીજા નિવાસસ્થાન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે ?

(A) ખેની વન્યજીવ અભયારણ્ય (B) ગાંધી સાગર વન્યજીવ અભયારણ્ય

(C) વીરાંગના દુર્ગાવતી વન્યજીવ અભયારણ્ય (D) રતાપાણી વન્યજીવ અભયારણ્ય **(B)**

5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'તરંગ–શક્તિ–2024 ' શું છે ?

(A) ભારત દ્વારા યોજવામાં આવનાર બહુરાષ્ટ્રીય હવાઈ કવાયત

(B) જાપાન દ્વારા યોજવામાં આવનાર બહુરાષ્ટ્રીય નૌસેના કવાયત

(C) અમેરિકા દ્વારા યોજવામાં આવનાર બહુરાષ્ટ્રીય ડિફેન્સ એક્સપો

(D) યુ.એ.ઈ. દ્વારા યોજવામાં આવનાર બહુરાષ્ટ્રીય ડિફેન્સ એક્સપો **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 20 જૂન, વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 જૂનના રોજ 'વિશ્વ શરણાર્થી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શરણાર્થીઓની સ્થિતિ અંગે જાગૃતિ લાવવાનો છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા 4 ડિસેમ્બર, 2000ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2001થી આ દિવસ ઉજવાય છે.
- યુએનના આંકડા અનુસાર દર 1 મિનિટે 20 લોકોને આતંક, યુદ્ધ અને સંઘર્ષથી બચવા માટે તેમના ઘર છોડીને ભાગી જવાની ફરજ પડે છે.
- વર્ષ 2024ની 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની થીમ 'For a World Where Refugees Are Welcomed' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર અને બાળ પુરસ્કાર, 2024

તાજેતરમાં સાહિત્ય અકાદમી દ્વારા 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2024' અને 'બાળ સાહિત્ય પુરસ્કાર 2024'ની જાહેરાત કરવામાં આવી હતી.




- સાહિત્ય અકાદમીએ 24 ભાષાઓમાં વાર્ષિક સાહિત્ય અકાદમી પુરસ્કારોમાંથી 'યુવા પુરસ્કાર' અને 'બાળ સાહિત્ય પુરસ્કાર' એમ બે કેટેગરીના પુરસ્કારની તાજેતરમાં જાહેરાત કરી છે. હવે પછી પાછળથી મુખ્ય પુરસ્કાર 'સાહિત્ય અકાદમી એવોર્ડ' અને અન્ય પુરસ્કારોની જાહેરાત કરશે.
- પ્રતિષ્ઠિત જ્યુરી સભ્યો દ્વારા ભલામણ કરાયેલ પુરસ્કારોને સાહિત્ય અકાદમીના એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.
- જેની બેઠક 15 જૂન, 2024ના રોજ સાહિત્ય અકાદમીના પ્રમુખ શ્રી માધવ કૌશિકની અધ્યક્ષતામાં મળી હતી.

### સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર

સાહિત્ય અકાદમી દ્વારા કુલ 24 ભાષાઓમાં અપાતા પુરસ્કારમાંથી 23 ભાષાના પુરસ્કારની જાહેરાત કરી હતી.

- સંસ્કૃત ભાષાના યુવા પુરસ્કારની જાહેરાત પાછળથી કરવામાં આવશે.
- હિન્દી ભાષા માટે યુવા પુરસ્કાર શ્રી ગૌરવ પાંડેને તેમના કવિતા સંગ્રહ 'સ્મૃતિઓ કે બીચ ઘિરી હૈ પૃથ્વી' (Smritiyon Ke beech Ghiri hai Prithvi) માટે પસંદગી કરવામાં આવી છે.

- અંગ્રેજી ભાષાના યુવા પુરસ્કાર માટે કે. વૈશાલીને તેમના સંસ્મરણ 'Homeless : Growing Up Lesbian and Dyslexic in India' માટે પસંદગી કરવામાં આવી છે.
- જ્યારે ગુજરાતી ભાષાના યુવા પુરસ્કાર માટે સુશ્રી રિંકુબેન રાઠોડની તેમની કૃતિ/શિર્ષક "...તો તમે રાજી" (ગઝલ) માટે પસંદગી કરવામાં આવી છે.

## સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2024

| ભાષા | વિજેતા/લેખક | કૃતિ/શિર્ષક |
|---|---|---|
| અંગ્રેજી | કે. વૈશાલી | Homeless : Growing up Lesbian and Dyslexic in India (સંસ્મરણ) |
| હિન્દી | શ્રી ગૌરવ પાંડે | સ્મૃતિઓ કે બીચ ઘિરી હૈ પૃથ્વી (કવિતા) |
| ગુજરાતી | સુશ્રી રિંકુબેન રાઠોડ | ... તો તમે રાજી (ગઝલ) |
| આસામી | નયનજ્યોતિ સરમા | જાલ કોટા જુઈ (ટૂંકી વાર્તાઓ) |

## બાળ સાહિત્ય પુરસ્કાર 2024

| ભાષા | વિજેતા/લેખક | કૃતિ/શિર્ષક |
|---|---|---|
| અંગ્રેજી | નંદિની સેન ગુપ્તા | ધ બ્લૂ હોર્સ એન્ડ અધર અમેઝિંગ એનિમલ્સ સ્ટોરીઝ ફ્રોમ ઈન્ડિયન હિસ્ટ્રી (ઐતિહાસિક સાહિત્ય) |
| હિન્દી | દેવેન્દ્ર કુમાર | 51 બાલ કહાનિયા (વાર્તા) |
| ગુજરાતી | ગીરા પિનાકિન ભટ્ટ | હસતી હવેલી (વાર્તા સંગ્રહ) |

## સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી, દિલ્હી એ ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા છે.

- તેને 'નેશનલ એકેડેમી ઓફ લેટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વય માટે ભારત સરકાર દ્વારા 12 માર્ચ, 1954ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા રવિન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે આવેલી છે.
- સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા તેમના મુખ્ય પુરસ્કાર 'સાહિત્ય અકાદમી એવોર્ડ' ઉપરાંત 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર', 'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર' અને 'સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર' પણ એનાયત થાય છે.

નોંધ : (1) સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા બાળ સાહિત્યમાં વિશેષ પ્રદાન બદલ ભારતની વિવિધ 24 ભાષાઓના સર્જકોને વર્ષ 2010થી બાળ સાહિત્ય પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સ્મૃતિ ચિહ્ન અને રૂ. 50,000નો ચેક પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

(2) સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા ભારતના યુવા સાહિત્યકારોને પ્રોત્સાહન આપવા માટે 2011થી અકાદમી દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની 24 ભાષાઓના સર્જકોને દર વર્ષે 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' એનાયત થાય છે.

(3) સાહિત્ય અકાદમી દ્વારા 35 વર્ષ અથવા તો તેનાથી ઓછી ઉંમરના ભારતીય લેખકોને 'યુવા પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સ્મૃતિ ચિહ્ન અને રૂ. 50,000નો ચેક પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

## સાહિત્ય અકાદમી એવોર્ડ (મુખ્ય) વિશે માહિતી

રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા દર વર્ષે ભારતીય બંધારણ દ્વારા માન્ય 22 ભાષાઓ ઉપરાંત અંગ્રેજી અને રાજસ્થાની ભાષા સહિત કુલ 24 ભાષાઓના સાહિત્યમાંથી એક–એક કૃતિને આ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

- ભારતમાં સાહિત્ય અકાદમી પુરસ્કારનો પ્રારંભ વર્ષ 1955થી થયો હતો.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને શાલ, તામ્રપત્ર અને રૂ. 1 લાખ રોકડા પુરસ્કાર રૂપે અર્પણ કરવામાં આવે છે.
- ઈ.સ. 1955માં સૌપ્રથમ શ્રી મહાદેવભાઈ દેસાઈને તેમની કૃતિ 'મહાદેવભાઈની ડાયરી' (ડાયરી સાહિત્ય) માટે ગુજરાતી ભાષા માટેનો આ એવોર્ડ એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી એવોર્ડ (મુખ્ય એવોર્ડ) વિજેતા કેટલાક ગુજરાતી સર્જકો અને તેમની કૃતિઓ

| વર્ષ | સર્જક | કૃતિ |
|---|---|---|
| 1955 | શ્રી મહાદેવભાઈ દેસાઈ | મહાદેવભાઈની ડાયરી |
| 2017 | સુશ્રી ઊર્મિ દેસાઈ | ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ |
| 2018 | સુશ્રી શરીફા વિજળીવાળા | વિભાજનની વ્યથા |
| 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રે'વું રે ! |
| 2020 | શ્રી હરીશ મિનાશ્રુ | બનારસ ડાયરી |
| 2021 | શ્રી યજ્ઞેશ દવે | ગંધમંજૂષા |
| 2022 | શ્રી ગુલામ મોહમ્મદ શેખ | ઘેર જતન |
| 2023 | શ્રી વિનોદ જોશી | સૈરન્ધ્રી |

# રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન (National Monetisation Pipeline)




તાજેતરમાં નીતિ આયોગના જણાવ્યા અનુસાર 2021-22 થી 2024-25 સુધીના નાણાકીય સમયગાળાના પ્રથમ ત્રણ વર્ષમાં 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP) હેઠળ સરકાર દ્વારા રૂ.3.85 લાખ કરોડની સંપત્તિનું મુદ્રીકરણ કરવામાં આવ્યું છે.

- નીતિ આયોગને રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન વિકસાવવા માટેનો આદેશ સોંપવામાં આવ્યો છે.

## રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન વિશે




નીતિ આયોગે કેન્દ્રીય બજેટ 2021-22 હેઠળ 'એસેટ મોનેટાઈઝેશન' માટેના આદેશના આધારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર લાઈન મંત્રાલયો સાથે પરામર્શ કરીને આ પાઈપલાઈન વિકસાવવામાં આવી છે.

- નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને 23 ઓગસ્ટ, 2021ના રોજ ચાર વર્ષની 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (National Monetisation Pipeline-NMP) યોજના શરૂ કરી હતી.
- રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન (NMP) એ નાણાકીય વર્ષ 2021-22 થી 2024-25 સુધીના ચાર વર્ષના સમયગાળામાં કેન્દ્ર સરકારની મુખ્ય સંપત્તિઓ દ્વારા રૂ.6 લાખ કરોડની કુલ મુદ્રીકરણ સંભવિતતાનો અંદાજ મૂક્યો છે.
- તેનો ઉદ્દેશ્ય ખાનગી ક્ષેત્રને સંલગ્ન કરીને બ્રાઉનફિલ્ડ પ્રોજેક્ટ્સમાં મૂલ્યને અનલોક કરવાનો છે.
- તથા તેમને આવકના અધિકારો ટ્રાન્સફર કરવાનો છે. (પ્રોજેક્ટ્સમાં માલિકી નહિ)
- સરળ ભાષામાં કહીએ તો કેન્દ્ર સરકારે મહત્ત્વની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપત્તિને ચાર વર્ષમાં ખાનગી ભાગીદારીમાં PPP મોડલ દ્વારા કે પછી લીઝ ઉપર આપીને ભંડોળ એકઠું કરવાનું આયોજન કર્યુ છે, અહિ ખાનગી ક્ષેત્ર પાસે અધિકારો હશે પણ માલિકી નહી હોય.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જનરેટ થયેલ ભંડોળનો ઉપયોગ સમગ્ર દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે કરવામાં આવશે.
- આ યોજના હેઠળ માર્ગ, રેલવે અને પાવર/ઊર્જા ક્ષેત્રોમાં સંપત્તિ મુદ્રીકરણની કુલ સંપત્તિના 66%થી વધુ હશે.
- બાકીનું અંદાજિત મૂલ્ય ખાણકામ, ટેલિકોમ્યુનિકેશન્સ, વેર હાઉસિંગ, બંદરો, ઉડ્ડયન, કુદરતી ગેસ, સ્ટેડિયમ અને પેટ્રોલિયમ પાઈપલાઈન જેવા ક્ષેત્રોમાંથી આવશે.
- મુદ્રીકરણ (Monetisation)નો અર્થ એવો નથી કે સરકારે તેમની મિલકતો વેચવા કાઢી છે, એટલે કે સોદાની સમય મર્યાદા પૂરી થાય પછી મિલકત પરત લઈ લેવામાં આવશે.

### યોજનાના અપેક્ષિત લાભો

- ખાનગી ક્ષેત્ર તેની કાર્યક્ષમતા અને ટેક્નોલોજી માટે જાણીતું છે. NMP માલિકીના સ્થળાંતર વિના ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે ખાનગી ક્ષેત્રની શક્તિનો ઉપયોગ કરવાનો માર્ગ પ્રદાન કરશે.
- તે ઉપયોગમાં લેવાતા બ્રાઉનફિલ્ડ પ્રોજેક્ટ્સ હેઠળ યોગ્ય રીતે મુદ્રીકરણ કરવામાં મદદ કરશે.
- અર્થતંત્રનું પુનરુત્થાન અને ટકાઉ માર્ગનું સર્જન કરશે.
- તે દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણને વધુ મૂલ્ય બનાવશે.
- તે ઉચ્ચ આર્થિક વૃદ્ધિને સક્ષમ કરશે અને એકંદરે જાહેર કલ્યાણ માટે ગ્રામીણ અને અર્ધ–શહેરી વિસ્તારોને એકીકૃત કરશે.

## લોક અદાલત

ભારતની સુપ્રીમ કોર્ટ તેની સ્થાપનાના 75માં વર્ષની સ્મૃતીમાં વિશેષ લોક અદાલતનું આયોજન કરી રહી છે.

- આ સમયગાળા દરમિયાન જાહેર હિત સાથે સંકળાયેલા કેસોની ઝડપથી સુનાવણી કરવામાં આવશે.
- 29 જુલાઈ થી 3 ઓગસ્ટ સુધી લોક અદાલતનું આયોજન કરવામાં આવશે.

### લોક અદાલત

સામાન્ય રીતે કોર્ટમાં બાકી (Pending) હોય તેવા કેસો અને જે કેસો હજી સુધી કોર્ટ સમક્ષ લાવવામાં આવ્યા ન હોય તેવા કેસોને બંને પક્ષોની સહમતી દ્વારા લોક અદાલતમાં લાવી સમાધાન કરવામાં આવે છે.



- લોક અદાલત ગાંધી વિચારધારા આધારિત પહેલ છે.
- લોક અદાલતમાં કેસ લાવવા માટે કોઈ ચાર્જ લાગતો નથી.
- લોક અદાલતને Legal Services Authorities Act, 1987 અંતર્ગત વૈધાનિક સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો છે.

## લોક અદાલતનું માળખું

સામાન્ય રીતે લોક અદાલતમાં એક અધ્યક્ષ અને અન્ય બે સભ્યો હોય છે.

- લોક અદાલતના અધ્યક્ષ સેવાનિવૃત્ત ન્યાયાધીશ હોય છે.
- જ્યારે તેના અન્ય બે સભ્યોમાંથી એક વકીલ અને એક સમાજ સેવક હોય છે.

## લોક અદાલતના ફાયદા

લોક અદાલતના ફાયદા નીચે મુજબ છે :

(1) લોક અદાલત ન્યાયાલયો પરનું ભારણ ઘટાડે છે.

(2) કેસોનું ઝડપી અને સસ્તું નિવારણ આવે છે.

(3) સમય અને નાણાની બચત થાય છે.

(4) લોક અદાલત બંને પક્ષોની રજૂઆત સાંભળી નિવારણ માટેનો મધ્યસ્થ માર્ગ અપનાવે છે. લોક અદાલત મધ્યસ્થી તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**નોંધ :** (1) લોક અદાલત દ્વારા આપવામાં આવેલ નિર્ણય વિરુદ્ધ દેશના કોઈપણ ન્યાયાલયમાં અપીલ કરી શકાય નહીં. કારણ કે તેમાં બંને પક્ષોની સહમતી દ્વારા નિર્ણય આપવામાં આવે છે.

(2) ભારતમાં પ્રથમ લોક અદાલતનું નિર્માણ 1982માં ગુજરાતના ઉના ખાતે કરવામાં આવ્યું હતું.

## સુપ્રીમ કોર્ટ

ભારતની સુપ્રીમ કોર્ટ (Supreme Court)ને 'સર્વોચ્ચ ન્યાયાલય', 'સર્વોચ્ચ અદાલત' કે 'ઉચ્ચતમ ન્યાયાલય' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ભારતીય બંધારણના ભાગ–5માં અનુચ્છેદ 124 થી 147 અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- 28 જાન્યુઆરી, 1950ના રોજ નવી દિલ્હી ખાતે Chamber of Princessમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં 'ભારત સરકાર અધિનિયમ, 1935' હેઠળ 'ફેડરલ કોર્ટ'ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ 'ફેડરલ કોર્ટ'ની અનુગામી સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વિશ્વના અન્ય ન્યાયાલયોની સરખામણીએ ભારતના સર્વોચ્ચ ન્યાયાલયને સૌથી વધુ અધિકારક્ષેત્ર અને સત્તા પ્રાપ્ત છે.
- ભારતમાં સર્વોચ્ચ ન્યાયાલય નાગરિકોના મૂળભૂત અધિકારોના રક્ષક તરીકે કાર્ય કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 124માં સર્વોચ્ચ અદાલતની સ્થાપનાની જોગવાઈ છે.
- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર હતા.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ શરણાર્થી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 જૂન (B) 19 જૂન (C) 20 જૂન (D) 21 જૂન **(C)**

2. વર્ષ 2024ની 'વિશ્વ શરણાર્થી દિવસ' અથવા 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની થીમ શું છે ?

(A) Refugee youth : Building the Future

(B) We Stand together with refugee

(C) Take a step on world refugee Day

(D) For a World Where Refugees Are Welcomed **(D)**

3. વર્ષ 2024 માટે ગુજરાતી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી અવની ખત્રી (B) સુશ્રી રિંકુ રાઠોડ

(C) શ્રી ભરત ખેની (D) શ્રી બાલમુકુન્દ દવે **(B)**

4. વર્ષ 2024 માટે ગુજરાતી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી બાળ પુરસ્કાર' કોને એનાયત થયો છે ?

(A) ગીરા પિનાકિન ભટ્ટ (B) વિનેશ અંતાણી

(C) સાગર શાહ (D) કિરીટ ગૌસ્વામી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP) દ્વારા કેટલી રકમ એકત્ર કરવાનો અંદાજ છે ?

(A) 5 હજાર કરોડ  (B) 6 હજાર કરોડ

(C) 6 લાખ કરોડ  (D) 7 લાખ કરોડ  (C)

6. 'રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન' (NMP) વિશે નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ 2018ના પ્રજાસત્તાક દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી તેની જાહેરાત કરી હતી.
2. તે 'માલિકી'ના બદલે 'અધિકારો'ના મુદ્રીકરણ માટે સરકારની માળખાકીય સંપત્તિને સૂચિબદ્ધ કરવાનો પ્રયાસ છે.
3. રાષ્ટ્રીય મુદ્રીકરણ પાઈપલાઈન 4 વર્ષના સમયગાળા માટે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2 અને 3  (B) માત્ર 1 અને 3

(C) માત્ર 2  (D) 1, 2 અને 3  (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. તાજેતરમાં લોક અદાલત સમાચારમાં હતી. ભારતમાં લોક અદાલત અંગે નીચેના નિવેદન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. કાનૂની સેવા સત્તાધિકારી અધિનિયમ, 1987 હેઠળ લોક અદાલતોને વૈધાનિક દરજ્જો આપવામાં આવ્યો છે.
2. લોક અદાલતમાં કેસ લાવવા માટે કોઈ ચાર્જ લાગતો નથી.


યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1  (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા  (D) 1 અને 2 બંને ખોટા  (C)

**દિવસ મહિમા : 21 જૂન,** (1) વિશ્વ સંગીત દિવસ (World Music Day)
(2) વિશ્વ યોગ દિવસ (International Day of Yoga)
(3) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ (World Hydrography Day)

## વિશ્વ યોગ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2024માં દસમાં 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ યોગના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો અને લોકોને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો છે.

## વર્ષ 2024ના વિશ્વ યોગ દિવસની થીમ

વર્ષ 2024ના 'વિશ્વ યોગ દિવસ'ની થીમ 'Yoga For Self and Society' (સ્વયં અને સમાજ માટે યોગ) છે.

## વિશ્વ યોગ દિવસ 2024ની મુખ્ય વિશેષતાઓ

10મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2024 ભારતમાં આયુષ મંત્રાલય દ્વારા જમ્મુ–કાશ્મીરના શ્રીનગરમાં શેર–એ–કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે ઉજવવામાં આવ્યો હતો.

- જ્યાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યુ અને યોગ સત્રમાં ભાગ લીધો હતો.



- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દાલ તળાવ ખાતે શ્રીનગરના નાગરિકોને સંબોધિત કર્યા હતા.
- કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહએ અમદાવાદમાં યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.
- જાપાન, અમેરિકા, મલેશિયા સહિત વિશ્વના ઘણા દેશોમાં હજારો લોકોએ યોગ દિવસની ઉજવણી કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યકક્ષાના યોગ દિવસની ઉજવણી



21 જૂન, 2024ના રોજ 10માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી બનાસકાંઠાના સરહદી ગામ નડાબેટમાં કરવામાં આવી હતી.

- નડાબેટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત વિધાન સભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ હાજરી આપી હતી.

## વિશ્વ યોગ દિવસનો ઇતિહાસ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં યોગ દિવસની ઉજવણી માટેનો પ્રસ્તાવ મૂક્યો હતો.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સૌથી ઓછા સમયમાં એટલે કે ફક્ત 90 દિવસમાં જ મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 11 ડિસેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રના 177 દેશો દ્વારા 21 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ સૌપ્રથમ 21 જૂન, 2015ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

## વિશ્વ યોગ દિવસ 21 જૂનના રોજ શા માટે ઉજવાય છે ?

21 જૂનનો દિવસ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે. આ ઉપરાંત આ દિવસે સૂર્યની વિશિષ્ટ સ્થિતિને કારણે યોગ માટે તેનું વિશેષ મહત્વ છે.

- આથી 'વિશ્વ યોગ દિવસ' તરીકે 21 જૂનની પસંદગી કરવામાં આવી છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કર્યુ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહારના નાલંદા જિલ્લાના રાજગીરમાં નવા નાલંદા યુનિવર્સિટી કેમ્પસનું ઉદ્ઘાટન કર્યુ હતું.

- જે ભારત અને પૂર્વ એશિયા સમિટ (EAS) રાષ્ટ્રો વચ્ચેની સંયુક્ત પહેલ છે.
- નાલંદા યુનિવર્સિટી 455 એકરમાં બનાવવામાં આવી છે.
- હાલમાં નાલંદા યુનિવર્સિટીમાં 17 દેશોના 400 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.
- આ યુનિવર્સિટીમાં સૌથી મોટી લાઈબ્રેરી પણ બનાવવામાં આવી રહી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- નવા કેમ્પસમાં સૌર ઊર્જા, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ, વોટર રિસાયકલિંગ અને વ્યાપક જળ સંસ્થાઓ સાથેનું 'નેટ ઝીરો' ગ્રીન કેમ્પસ છે.
- નાલંદા યુનિવર્સિટી પાસે બે એકેડેમિક બ્લોક છે, જેમાં 40 વર્ગખંડો છે.
- અહીં કુલ 1900 બાળકો માટે બેઠક વ્યવસ્થા છે. યુનિવર્સિટી પાસે બે ઓડિટોરિયમ પણ છે જેમાં 300 બેઠકો છે.

**નોંધ :**
(1) 28 માર્ચ, 2006ના રોજ ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામે નાલંદા યુનિવર્સિટીના પુનરુત્થાન માટે બિહાર વિધાન મંડળના સંયુક્ત સત્રને સંબોધિત કરતી વખતે આ વિચારનો પ્રસ્તાવ મૂક્યો હતો.
(2) 2007માં બિહાર વિધાનસભાએ નવી યુનિવર્સિટીની રચના માટે એક ખરડો પસાર કર્યો હતો.
(3) 'નાલંદા યુનિવર્સિટી બિલ, 2010' 21 ઓગસ્ટ, 2010ના રોજ રાજ્યસભામાં અને 26 ઓગસ્ટ 2010ના રોજ લોકસભામાં પસાર થયું હતું.
(4) 21 સપ્ટેમ્બર, 2010ના રોજ આ ખરડાને રાષ્ટ્રપતિની સંમતિ મળી અને તે એક અધિનિયમ બની ગયું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ વિશે

નાલંદા વિદ્યાપીઠની સ્થાપના 5મી સદીમાં ગુપ્તવંશના શાસક કુમારગુપ્ત પ્રથમે કરાવી હતી.

- આ વિદ્યાપીઠનો શ્રેષ્ઠ સમય ગુપ્તકાળ અને હર્ષવર્ધનના સમયમાં ગણવામાં આવે છે.
- તેનું સ્થાન હાલના બિહારના નાલંદા જિલ્લામાં છે.
- વર્ષ 2016માં યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટમાં તેને સ્થાન આપવામાં આવ્યું હતું.
- નાલંદા એ પ્રાચીન અને મધ્યયુગીન મગધ, પૂર્વ ભારતમાં એક પ્રખ્યાત બૌદ્ધ અને હિન્દુ મહાવિહાર (મહાન મઠ) હતું.




- પ્રાચીન વિશ્વમાં શિક્ષણના મહાન કેન્દ્રોમાં તેને ગણવામાં આવે છે.
- આ વિશ્વ વિદ્યાપીઠમાં ચિકિત્સા, પ્રાચીન ભારતીય તબીબી પ્રણાલી આયુર્વેદ, ધર્મ, બૌદ્ધ ધર્મ, ગણિત, વ્યાકરણ, ખગોળશાસ્ત્ર અને ભારતીય ફિલસૂફીનું શિક્ષણ આપવામાં આવતું હતું.
- હ્યુ–એન–ત્સાંગે નાલંદા વિશ્વ વિદ્યાપીઠમાં રહીને અભ્યાસ કર્યો હતો તે સમયે તેના અધ્યક્ષ શિલભદ્ર હતા.
- ઈત્સીંગ નામના વિદેશી યાત્રીએ પણ નાલંદામાં અભ્યાસ કર્યો હતો. તેના ગ્રંથોને આધારે 100 ગામનો કરવેરો નાલંદાને આપવામાં આવતો હતો.

- આ વિદ્યાપીઠમાં નાગાર્જુન, આર્યદેવ, સુ–વિષ્ણુ વગેરે મહાન શિક્ષકો હતા.
- અહીં તિબ્બેટ, ચીન, કોરિયા, ઈન્ડોનેશિયા વગેરે દેશના વિદ્યાર્થીઓ બૌદ્ધિક જ્ઞાન મેળવવા માટે આવતા હતા.
- નાલંદામાં પ્રસિદ્ધ પુસ્તકાલયોમાં રત્નસાગર, રત્નોદધિ અને રત્નરંજક હતા. આ તમામ પુસ્તકાલયો 'ધર્મગંજ' નામના સંકુલમાં આવેલી હતી.
- તુર્કીના શાસક કુતુબુદ્દીન એબકના સેનાપતિ બખ્તિયાર ખિલજી દ્વારા 1193માં યુનિવર્સિટીનો નાશ કરવામાં આવ્યો હતો.

## એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2024 : WEF

તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા 'એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ' પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

- WEF દ્વારા જાહેર કરાયેલ આ ઈન્ડેક્સમાં ભારતને 63મું સ્થાન મળ્યું છે.
- યુરોપિયન દેશો વર્લ્ડ ઈકોનોમિક ફોરમ એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ, 2024માં આગળ છે.
- આ ઈન્ડેક્સમાં સ્વીડન ટોચ પર છે, ત્યારબાદ ડેનમાર્ક, ફિનલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ અને ફ્રાન્સ આવે છે.
- WEF દ્વારા પ્રકાશિત કરવામાં આવતો આ ઈન્ડેક્સ વૈશ્વિક ઊર્જા સંક્રમણ પર વ્યાપકપણે દેખરેખ રાખવાના મહત્ત્વાકાંક્ષી ઉદ્દેશ્ય સાથે વિકસાવવામાં આવ્યું હતું.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2024

| Rank | Countries |
|---|---|
| 1 | સ્વીડન |
| 2 | ડેનમાર્ક |
| 3 | ફિનલેન્ડ |
| 4 | સ્વીત્ઝર્લેન્ડ |
| 5 | ફ્રાન્સ |
| 63 | ભારત |

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ સંગીત દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન **(B)**

2. દર વર્ષે 21 જૂનના રોજ નીચેનામાંથી કયો દિવસ ઉજવાતો નથી ?

(A) વિશ્વ યોગ દિવસ (B) વિશ્વ સંગીત દિવસ

(C) વિશ્વ હાઈડ્રોજન દિવસ (D) વિશ્વ હાઈડ્રોગ્રાફી દિવસ **(C)**

3. 21 જૂન, 2024ના રોજ કેટલામાં ‘વિશ્વ યોગ દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) સાતમાં (B) આઠમા (C) નવમા (D) દસમા **(D)**

4. વર્ષ 2024ની ‘વિશ્વ યોગ દિવસ’ની થીમ શું છે ?

(A) Yoga For Self and Society (B) Yoga For Climat Action

(C) Yoga For Wellness (D) Yoga For Health **(A)**

5. 21 જૂન, 2024ના રોજ 10મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી _____ ખાતે કરવામાં આવી હતી.

(A) નડાબેટ, બનાસકાંઠા (B) ભૂજ, કચ્છ

(C) એકતાનગર, નર્મદા (D) ગિફ્ટ સિટી, ગાંધીનગર **(A)**

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. તે કયા રાજ્યમાં આવેલી છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ (C) છત્તીસગઢ (D) બિહાર **(D)**

7. પ્રાચીન નાલંદા યુનિવર્સિટી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેની સ્થાપના ચંદ્રગુપ્ત-2ના શાસન દરમિયાન કરવામાં આવી હતી.
2. તેનું સ્થાન બિહારના નાલંદા જિલ્લામાં સ્થિત છે.
3. હ્યુ–એન–ત્સાંગે નાલંદા વિશ્વ વિદ્યાપીઠમાં રહીને અભ્યાસ કર્યો હતો, તે સમયે તેના અધ્યક્ષ શિલભદ્ર હતા.
4. તે વિશ્વ ધરોહર સ્થળ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

8. રત્ન સાગર, રત્નોદધિ અને રત્નરંજક એ નાલંદા યુનિવર્સિટીના ત્રણ _____ હતા.

(A) પુસ્તકાલયો (B) રમતના મેદાનો (C) વિહાર (D) ચૈત્ય — (A)

9. તાજેતરમાં WEF દ્વારા જાહેર કરાયેલ 'એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2024'માં ભારત કયા ક્રમે છે ?

(A) 58મા (B) 61મા (C) 63મા (D) 66મા — (C)


અમને વિશ્વાસ છે , આપ પણ ઓફિસર બની શકો છો... | offline જૂનાગઢ

PSI/જનરલ બેચ

નવી બેચ શરુ | 4 to 6 pm

• MCQ+Descriptive Preparation
• સમગ્ર અભ્યાસક્રમની તૈયારી માત્ર ગુજરાતના નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા જ
• PSI, ASI, Talati, CCEના સંપૂર્ણ અભ્યાસક્રમની તૈયારી
• નિષ્ણાંત કોચ દ્વારા શારીરિક કસોટીની સંપૂર્ણ તૈયારી

DISCOUNT
10% New Student
40% Old Student



ફ્રી | Reading Room facility | Material | Online Application

ICE, બીજો માળ, પેરીપ્લાઝા કોમ્પ્લેક્સ સરદારબાગ પાસે ઝાંઝરડા રોડ જૂનાગઢ

ફ્રી રજીસ્ટ્રેશન માટે અત્યારે જ Call કરો 7698501110

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ઓડિશાના ભાજપના સાંસદ શ્રી ભર્તૃહરિ મહતાબની 18મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે નિમણૂક

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ 18મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે ઓડિશાની કટક બેઠકના સાંસદ શ્રી ભર્તૃહરિ મહતાબની નિમણૂક કરી છે અને તેને શપથ લેવડાવ્યા છે.



- પ્રોટેમ સ્પીકરની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા બંધારણના અનુચ્છેદ 95(1) હેઠળ કરવામાં આવી છે.
- શ્રી ભર્તૃહરિ મહતાબ કટક બેઠક પરથી સાત વખતના સાંસદ છે.
- વર્ષ 2024ની ચૂંટણી પહેલા તેઓ બીજુ જનતા દળ (BJD) સાથે જોડાયેલા હતા. ત્યારબાદ માર્ચ 2024માં BJDમાંથી રાજીનામું આપી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.
- તેઓ 1998માં ઓડિશાના કટક મતવિસ્તારમાંથી 12મી લોકસભામાં ચૂંટાયા હતા.
- ત્યારબાદ તેઓ સતત 1999, 2004, 2009, 2014 અને 2024માં કટક બેઠક પરથી લોકસભાની ચૂંટણી જીત્યા છે.

## પ્રોટેમ સ્પીકર અંગે બંધારણીય જોગવાઈ

લોકસભાની ચૂંટણી બાદ રાષ્ટ્રપતિ પ્રથમ બેઠક બોલાવે ત્યારે નવી લોકસભાના દરેક સભ્યોએ ગૃહમાં પોતાની જગ્યા લેતા પહેલા રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલ સભ્ય સમક્ષ શપથ લેવાના હોય છે.

- રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલ આ સભ્ય પ્રોટેમ સ્પીકર તરીકે ઓળખાય છે.

## પ્રોટેમ સ્પીકરની નિમણૂક

ભારતમાં પ્રોટેમ સ્પીકરની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

- સામાન્ય રીતે લોકસભાના સૌથી વરિષ્ઠ સભ્યની આ પદ માટે પસંદગી કરવામાં આવે છે.
- જોકે, બંધારણમાં આ અંગે કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી નથી.

## પ્રોટેમ સ્પીકરને શપથ

લોકસભાના પ્રોટેમ સ્પીકરને રાષ્ટ્રપતિ સંસદસભ્ય તરીકેના શપથ અપાવે છે.

## પ્રોટેમ સ્પીકરના કાર્યો

ભારતના પ્રોટેમ સ્પીકરને લોકસભાના સ્પીકર (અધ્યક્ષ) જેવી જ શક્તિઓ પ્રાપ્ત થાય છે.

- તેઓ નવી લોકસભાની પ્રથમ બેઠકમાં લોકસભાના અધ્યક્ષ હોય છે. જોકે, તેઓ લોકસભાના પૂર્ણકાલીન અધ્યક્ષ ગણાતા નથી.
- પ્રોટેમ સ્પીકરનું મુખ્ય કાર્ય નવી લોકસભાના ચૂંટાયેલા સભ્યોને શપથ અપાવવાનું હોય છે.
- તેઓ ફલોર ટેસ્ટનું પણ સંચાલન કરે છે. આ ઉપરાંત સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરના મતદાનનું પણ સંચાલન કરે છે.

### પ્રોટેમ સ્પીકરની મુદ્દત

'પ્રોટેમ' એ લેટિન ભાષાનો શબ્દ છે.

- અને તે 'પ્રો + ટેમ્પોર' (Pro + Tempore) શબ્દનું સંક્ષિપ્ત રૂપ છે. જેનો અર્થ થાય છે 'થોડા સમય માટે'.
- આમ, પ્રોટેમ સ્પીકરની મુદ્દત નામ પ્રમાણે જ અલ્પકાલિક હોય છે.
- જ્યારે લોકસભાના નવા અધ્યક્ષની નિમણૂક થાય છે, ત્યારે પ્રોટેમ સ્પીકરનું પદ આપો આપ જ સમાપ્ત થઈ જાય છે.
- આથી, જ્યાં સુધી લોકસભાના સ્થાયી અધ્યક્ષની ચૂંટણી ન થાય ત્યાં સુધી તેઓ કાર્યરત રહે છે.

## SIPRI Year Book 2024 અનુસાર ભારતમાં 172 પરમાણુ શસ્ત્ર હોવાની સંભાવના

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI Year Book 2024 અનુસાર વર્ષ 2024માં વિશ્વના 9 દેશો પરમાણુ શસ્ત્ર ધરાવે છે.

- પરમાણુ શસ્ત્ર ધરાવતા વિશ્વના આ 9 દેશોમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઈઝરાયેલ અને ઉત્તર કોરિયાનો સમાવેશ થાય છે.
- આ 9 દેશોમાંથી વર્ષ 2024માં રશિયા પાસે સૌથી વધુ 5,580 પરમાણુ શસ્ત્રો (કુલ ઈન્વેન્ટરી) છે.
- રશિયા બાદ બીજા ક્રમે અમેરિકા પાસે 5,044 પરમાણુ શસ્ત્રો છે.
- જ્યારે ભારત પાસે વર્ષ 2024માં 172 પરમાણુ શસ્ત્રો હતા.





## SIPRI અનુસાર વર્ષ 2019 થી 2024 સુધીમાં વિશ્વના વિવિધ દેશો પાસે પરમાણુ શસ્ત્રોની સંખ્યા

| ક્રમ | દેશ | પરમાણુ શસ્ત્રોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | 2019 | 2020 | 2021 | 2022 | 2023 | 2024 |
| 1 | રશિયા | 6500 | 6375 | 6255 | 5977 | 5889 | 5,580 |
| 2 | અમેરિકા | 6185 | 5800 | 5550 | 5428 | 5244 | 5,044 |
| 3 | ચીન | 290 | 320 | 350 | 350 | 410 | 500 |
| 4 | ફ્રાન્સ | 300 | 290 | 290 | 290 | 290 | 290 |
| 5 | બ્રિટન | 200 | 215 | 225 | 225 | 225 | 225 |
| 6 | ભારત | 130-140 | 150 | 156 | 160 | 164 | 172 |
| 7 | પાકિસ્તાન | 150-160 | 160 | 165 | 165 | 170 | 170 |
| 8 | ઈઝરાયેલ | 80-90 | 90 | 90 | 90 | 90 | 90 |
| 9 | ઉત્તર કોરિયા | (20-30) | (30-40) | (40-50) | (20) | 30 | 50 |
| | કુલ | 13,865 | 13,400 | 13,080 | 12,705 | 12,512 | 12,121 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### રિપોર્ટનું એનાલિસિસ

આ રિપોર્ટ અનુસાર વર્ષ 2023ની તુલનાએ વર્ષ 2024માં વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે. જે 12,512 થી ઘટીને 12,121 થયા છે.

- રશિયા અને અમેરિકા પાસે મળીને 90%થી વધુ પરમાણુ શસ્ત્રો ધરાવે છે.
- આ રિપોર્ટ અનુસાર રશિયા અને અમેરિકાના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે.
- વર્ષ 2023માં ભારત પાસે 164 પરમાણુ શસ્ત્રો હતા જે વધીને 172 થયા છે.
- જાન્યુઆરી 2024 સુધીમાં પરમાણુ હથિયારોની કુલ વૈશ્વિક ઈન્વેન્ટરી આશરે 12,121 હતી, જેમાં લગભગ 9,585 લશ્કરી ભંડાર હતા.
- લગભગ 2,100 વોરહેડ્સને હાઈ ઓપરેશનલ એલર્ટ પર રાખવામાં આવ્યા હતા, મુખ્યત્વે રશિયા અને યુએસએ દ્વારા પરંતુ પ્રથમ વખત ચીન પાસે કેટલાક વોરહેડ્સ હાઈ એલર્ટ પર હોઈ શકે છે.
- ચીને જાન્યુઆરી, 2024 સુધીમાં તેના પરમાણુ શસ્ત્રાગારને 410 થી વધારીને 500 સુધી નોંધપાત્ર રીતે વધારી દીધુ છે અને તે તેના પરમાણુ શસ્ત્રાગારને અન્ય કોઈપણ દેશ કરતા વધુ ઝડપે વિસ્તરણ કરી રહ્યું છે.


- ઈઝરાયેલ તેના શસ્ત્રાગારનું આધુનિકીકરણ કરી રહ્યું છે અને પ્લુટોનિયમ ઉત્પાદન ક્ષમતા વધારી રહ્યું છે. (જોકે સત્તાવાર રીતે સ્વીકારવામાં આવ્યું નથી)

નોંધ : (1) SIPRIનું પૂરું નામ 'Stockholm International Peace Research Institute' છે.
(2) SIPRI એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે યુદ્ધ, શસ્ત્રો, શસ્ત્ર નિયંત્રણ અને નિઃશસ્ત્રીકરણમાં સંશોધન માટે સમર્પિત છે.
(3) SIPRIની સ્થાપના વર્ષ 1966માં સ્વીડનના સ્ટોકહોમમાં કરવામાં આવી હતી.

## ચિનાબ રેલ બ્રિજ (Chenab Rail Bridge)

ભારતીય રેલવેએ જમ્મુ અને કાશ્મીરમાં નવનિર્મિત વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજ ચિનાબ રેલ બ્રિજ પર સફળ ટ્રાયલ રન હાથ ધર્યું હતું.

### ચિનાબ રેલ બ્રિજ



ચિનાબ રેલ બ્રિજ ઉધમપુર – શ્રીનગર – બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટ (USBRL)નો ભાગ છે.


- આ પુલ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં સ્થિત છે.
- તે બક્કલ અને કૌરી વચ્ચે બાંધવામાં આવેલો સ્ટીલ અને કોંક્રિટનો કમાન પુલ છે.
- આ પુલ 1,315 મીટર લાંબો છે, જે નદીના તટની સપાટીથી 359 મીટર ઊંચો છે.
- તે વિશ્વનો સૌથી ઊંચો સિંગલ–કમાન રેલવે બ્રિજ છે.
- આ બ્રિજના બંને છેડા હાઈ સ્ટ્રેન્થ ફ્રિક્શન ગ્રિપ (HSFG) બોલ્ટની મદદથી જોડાયેલા છે. તે 'ગોલ્ડન જોઈન્ટ' તરીકે ચિન્હિત થયેલ છે.
- આ બ્રિજના નિર્માણમાં ખાસ પ્રકારના પોલાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે વિવિધ તાપમાન અને પ્રાકૃતિક આપત્તિનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે.
- બ્રિજમાં 93 ડેક સેક્શન છે અને દરેક વિભાગનું વજન 85 ટન છે.

### ચિનાબ નદી વિશે

ચિનાબ નદી એ ભારત અને પાકિસ્તાનમાંથી વહેતી મુખ્ય નદી છે.

- તે સિંધુ નદીની સૌથી મોટી સહાયક નદી છે.

- આ નદીનું ઉદ્‌ગમ હિમાચલ પ્રદેશની ઝાસ્કર શ્રેણીના લાહુલ–સ્પિતીની ખીણમાં બારાલાચલા ઘાટની બંને તરફ વહેનારી ચંદ્ર અને ભાગા નદીઓના સંગમથી થાય છે.
- ચિનાબ અખનુર નજીક જમ્મુ કાશ્મીરના મેદાની વિસ્તારમાં પ્રવેશે છે.
- આ નદીના કિનારે કિશ્તવાર જિલ્લો આવેલ છે.(જમ્મુ–કાશ્મીર)
- આ નદી પર સાલલ ડેમ, બગલીહાર ડેમ, દુલહસ્તી જળવિદ્યુત મથક, રાટલે જળવિદ્યુત મથક આવેલ છે.
- આ નદી ભારતના હિમાચલ પ્રદેશ તથા જમ્મુ કાશ્મીરમાંથી વહે છે.
- મારુસદર નદી ચિનાબની સહાયક નદી છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં 18મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે શ્રી ભર્તુહરિ મહતાબની નિમણૂક કરવામાં આવી હતી... ભારતીય બંધારણમાં પ્રોટેમ સ્પીકરના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે અને તેમને શપથ પણ રાષ્ટ્રપતિ જ અપાવે છે.
   2. તેઓ નવી લોકસભાની પ્રથમ બેઠકમાં લોકસભાના અધ્યક્ષ હોય છે.
   3. નવી લોકસભાની પ્રથમ બેઠકમાં તેઓ ચૂંટાયેલા મંત્રીઓને શપથ અપાવે છે.
   4. ભારતમાં પ્રોટેમ સ્પીકરને લોકસભાના અધ્યક્ષ જેવી જ શક્તિઓ પ્રાપ્ત થાય છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 3
   (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(C)**

2. SIPRI Year Book 2024 અનુસાર વર્ષ 2024માં સૌથી વધુ પરમાણુ શસ્ત્રો કયા દેશ પાસે છે ?

   (A) અમેરિકા (B) રશિયા (C) ચીન (D) ફ્રાન્સ **(B)**

3. SIPRI Year Book 2024 અનુસાર ભારત પાસે કેટલા પરમાણુ શસ્ત્રો છે ?

   (A) 172 (B) 166 (C) 158 (D) 156 **(A)**

4. તાજેતરમાં ભારતીય રેલવેએ વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજ 'ચિનાબ રેલ બ્રિજ' પર સફળ ટ્રાયલ રન હાથ ધર્યુ હતું. આ બ્રિજ કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલો છે ?

   (A) જમ્મુ–કાશ્મીર (B) સિક્કિમ (C) લદાખ (D) અરૂણાચલ પ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

### ➤ 44 રિચાર્જ બોરવેલનું ગાંધીનગરથી લોકાર્પણ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન - VYO દ્વારા રાજ્યમાં નિર્મિત 44 રિચાર્જ બોરવેલનું ગાંધીનગરથી લોકાર્પણ કર્યું હતું. VYOએ જળ સંરક્ષણ અભિયાન અંતર્ગત આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્યના 75 ગામોમાં રિચાર્જ બોરવેલનું આયોજન કર્યું હતું. આ અગાઉ 31 રિચાર્જ બોરવેલના સફળતાપૂર્વક લોકાર્પણ બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 18 જૂનના રોજ વધુ 44 રિચાર્જ બોરવેલના લોકાર્પણ કર્યા હતા. આ અભિયાન ભૂગર્ભજળ સ્તર ઊંચા લાવવા માટે મહત્ત્વપૂર્ણ છે.

### ➤ ગાંધીનગરમાં ફિડે વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ - 2024નો સમાપન સમારોહ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના ગિફ્ટસિટી ક્લબમાં આયોજિત ફિડે વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ–2024નું સમાપન કરાવ્યું હતું. તેમણે ચેસની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા 10 પુરુષ અને 10 સ્ત્રી ખેલાડીઓની શ્રેષ્ઠતાને બિરદાવવા પુરસ્કાર, ટ્રોફી અને મેડલ્સને એનાયત કર્યા હતા. 46 દેશોના સવા બસોથી વધુ ખેલાડીઓ આ ચેમ્પિયનશિપમાં સહભાગી થયા હતા. ભારતની પાંચ દીકરીઓ સહિત છ ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં પદક, ઈનામ હાંસલ કર્યા હતા. ભારત ઉપરાંત આર્મેનિયાના-3, રશિયાના-3, અઝરબૈજાનના-2, કઝાકિસ્તાનના-1, જર્મનીના-1, કોલંબિયાના-1, ફિલિપાઈન્સના-1 અને સ્વિત્ઝર્લેન્ડના-1 એમ કુલ મળી અન્ય 14 દેશના ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

## ભારત

### ➤ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન મેડિકલ હેરિટેજ (NIIMH)



વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન મેડિકલ હેરિટેજને 'પરંપરાગત દવામાં મૂળભૂત અને સાહિત્યિક સંશોધન' માટે WHO સહયોગ કેન્દ્ર (CC) તરીકે નિયુક્ત કર્યુ છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયન મેડિકલ હેરિટેજ (NIIMH) એ ઈતિહાસકારો, વૈજ્ઞાનિકો અને અન્ય કામદારો માટે સંશાધન સામગ્રી પ્રદાન કરે છે. જેઓ આયુર્વેદ, યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા, યુનાની, સિદ્ધ, ઐતિહાસિક પાસાઓના અભ્યાસ અને દસ્તાવેજીકરણમાં રસ ધરાવે છે, હોમિયોપોથી અને સોવા રિગ્પા (આયુષ), આધુનિક દવા સાથે. આ સંસ્થા ભારત સરકારના આયુષ મંત્રાલયના સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદ સાયન્સ (CCRAS)ના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્યરત છે. આ સંસ્થા હૈદરાબાદના દિલસુકનગરમાં સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ 10,000 FPOને CSCમાં રૂપાંતરિત કરવા MoU

તાજેતરમાં ઈ–ગવર્નસ સેવા પ્રદાતા કોમન સર્વિસ સેન્ટર સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (CSC SPV) અને કૃષિ તથા ખેડૂત કલ્યાણ મંત્રાલયે 10,000 ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)ને સામાન્ય સેવા કેન્દ્રો (CSC)માં રૂપાંતરિત કરવા માટે MoU પર હસ્તાક્ષર કર્યા છે. તેનાથી '10,000 FPOની રચના અને પ્રમોશન માટેની યોજના' હેઠળ નોંધાયેલા FPO સાથે સંકળાયેલા ખેડૂતોને ફાયદો થશે, કારણ કે તે તેમને નાગરિક–કેન્દ્રિત સેવાઓ સુધી પહોંચવામાં અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો વધારવામાં મદદ કરશે. 10,000 FPOની રચના અને પ્રમોશન એ વર્ષ 2020માં શરૂ કરાયેલ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. તેનો ઉદ્દેશ્ય ખેડૂતોની સોદાબાજીની શક્તિ વધારવાનો, ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો અને તેમના કૃષિ ઉત્પાદનોના એકત્રીકરણ દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવાનો છે. CSC યોજના, જે ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામના મિશન મોડ પ્રોજેક્ટ્સમાંની એક છે, તે ખેડૂતોને વિવિધ સેવાઓ પૂરી પાડે છે. જેમાં ટેલી–કન્સલ્ટેશન, પાક વીમો, ઈ–વેટરનરી, કિસાન ક્રેડિટ અને PM કિસાન યોજનાનો સમાવેશ થાય છે.

➤ **બિટ્યુમેન/બિટુમેન**



ગોવાના ઊર્જા મંત્રીએ તાજેતરમાં જણાવ્યું હતું કે રોડ નિર્માણમાં ઉપયોગમાં લેવાતા બિટ્યુમેન પ્રદૂષણનું મુખ્ય કારણ છે. તે ગાઢ, અત્યંત ચીકણું અને પેટ્રોલિયમ આધારિત હાઈડ્રોકાર્બન છે. તે તેલની રેતી અને પીચ તળાવો (કુદરતી બિટ્યુમેન) જેવા થાપણોમાં જોવા મળે છે. અથવા ક્રૂડ તેલના નિસ્યંદનના અવશેષ તરીકે મેળવવામાં આવે છે. સામાન્ય રીતે તેનો ઉપયોગ બાંધકામ ઉદ્યોગમાં થાય છે ખાસ કરીને રસ્તાઓ અને ધોરીમાર્ગો માટે. તે વોટરપ્રૂફ બોટ અને અન્ય દરિયાઈ જહાજો માટે પણ વપરાય છે.

## વિશ્વ

➤ **ડેડ ઝોન**




નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NODA)એ અંદાજે 5,827 ચોરસ માઈલને આવરી લેતા મેક્સિકોના અખાતમાં સરેરાશથી ઉપરના સમર 'ડેડ ઝોન'ની આગાહી કરી છે. 'ડેડ ઝોન' અથવા 'હાયપોક્સિયા' શબ્દ વિશ્વના સરોવરો અને મહાસાગરોમાં ઓછા ઓક્સિજન વાળા વિસ્તારોને દર્શાવે છે. કારણ કે મોટાભાગના જીવોને જીવવા માટે ઓક્સિજનની જરૂર હોય છે, થોડા સજીવો હાયપોક્સિક સ્થિતિમાં ટકી શકે છે. તેથી જ આ વિસ્તારને ડેડ ઝોન કહેવામાં આવે છે. યુટ્રોફિકેશનના પરિણામે ડેડ ઝોન થાય છે, તે ત્યારે થાય છે જ્યારે પાણીનું બોડી ફોસફરસ અને નાઈટ્રોજન જેવા ઘણા બધા પોષક તત્ત્વોથી ભરાઈ જાય છે. સામાન્ય સ્તરે સાયનોબેક્ટરીયા અથવા વાદળી–લીલી–શેવાળ નામનું સજીવ આ પોષક તત્ત્વોને ખવડાવે છે. ઘણા બધા પોષક તત્ત્વો સાથે તે ટૂંકા ગાળામાં શેવાળની અતિશય વૃદ્ધિનું કારણ બની શકે છે, જેને 'શેવાળ મોર' પણ કહેવાય છે. જ્યારે શેવાળ મૃત્યુ પામે છે, ત્યારે તે તળીયે ડૂબી જાય છે અને બેક્ટરિયા દ્વારા વિઘટિત થાય છે ત્યારે ડેડ ઝોન રચાય છે. ગાઢ શેવાળના મોર સૂર્યપ્રકાશને પણ અવરોધે છે, જે પાણીની અંદરના ઘાસને વધતા અટકાવે છે. બદલામાં ખોરાક અને આશ્રય માટે આ ઘાસ પર આધાર રાખતા પ્રાણીઓ પણ પીડાય છે.

➤ **કન્ટેનર પોર્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CPPI) 2023**



ભારતના પોર્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામને મોટો વેગ મળ્યો છે કારણ કે કન્ટેનર પોર્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CPPI), 2023માં ભારતના 9 બંદરોને પ્રથમ વખત વૈશ્વિક ટોપ 100માં સામેલ કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિ સાગરમાલા પ્રોગ્રામને આભારી છે, જેણે બંદરોના આધુનિકીકરણ અને તેમની કાર્યક્ષમતામાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ ઈન્ડેક્સ વિશ્વ બેંક અને S&P ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સ દ્વારા વિકસિત વૈશ્વિક ઈન્ડેક્સ છે. તે વિશ્વભરના કન્ટેનર પોર્ટના પ્રદર્શનને માપે છે અને તેની તુલના કરે છે. આ ઈન્ડેક્સ અથવા રેન્કિંગમાં ચીનનું યાંગશાન બંદર પ્રથમ ક્રમે છે, ત્યારબાદ ઓમાનનું સલાલાહ બંદર આવે છે. જ્યારે ભારતનું વિશાખાપટ્ટનમ બંદર 2022ના 115માં સ્થાનેથી 2023માં 19મા સ્થાને પહોંચી ગયું છે, જે વૈશ્વિક સ્તરે ટોચના 20માં પ્રવેશનાર પ્રથમ ભારતીય બંદર બન્યું છે. મુન્દ્રા પોર્ટે પણ તેની સ્થિતિ સુધારી છે, જે ગયા વર્ષના 48મા સ્થાનેથી વર્તમાન રેન્કિંગમાં 27માં સ્થાને પહોંચી ગયું છે.

1. તાજેતરમાં સિરિલ રામાફોસા કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાયા છે ? – દક્ષિણ આફ્રિકા
2. ભારતીય કલા અને સંસ્કૃતિને લોકો માટે વધુ સુલભ બનાવવા માટે તાજેતરમાં કઈ સંસ્થા અને સંસદ ટીવીએ કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ
3. શહેરોમાં ટકાઉ કચરો વ્યવસ્થાપન હાંસલ કરવા માટે તાજેતરમાં કઈ સંસ્થાએ ગ્રેટર ચેન્નાઈ કોર્પોરેશન (GCC)ને ટેકો આપ્યો હતો ? – World Bank
4. કયો દેશ ઓગસ્ટમાં બહુરાષ્ટ્રીય હવાઈ કવાયત 'તરંગશક્તિ 2024'નું આયોજન કરશે ? – ભારત
5. 2024માં FIDE અંડર-20 ગર્લ્સ વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ કોણે જીતી છે ? – દિવ્યા દેશમુખ
6. _____ દેશમાં કરીબા તળાવના કિનારે નવી ડાયનાસોર પ્રજાતિના અવશેષો મુસાન્કા સન્યાટીએનસિસની શોધ કરવામાં આવી હતી. – ઝિમ્બાબ્વે
7. 'આઈ હેવ ધ સ્ટ્રીટ્સ : અ કુટ્ટી ક્રિકેટ સ્ટોરી' નામની તેમની આત્મકથાનું અનાવરણ કોણ કરશે ? – રવિચંદ્રન અશ્વિન
8. "અ ફ્લાય ઓન ધ આરબીઆઈ વોલ : ઓન ઈનસાઈડર્સ વ્યૂ ઓફ સેન્ટ્રલ બેંક" પુસ્તક કોણે લખ્યું છે ? – અલ્પના કિલ્લાવાલા
9. તાજેતરમાં ભારત અને યુએસ વચ્ચે ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી (iCET) પર પહેલની બીજી વાર્ષિક બેઠક કયાં યોજાઈ હતી ? – નવી દિલ્હી
10. ડિજિટલ હેલ્થ ઈન્સેન્ટિવ યોજના, જે તાજેતરમાં સમાચારોમાં જોવા મળે છે, તે કઈ પહેલ દ્વારા શરૂ કરવામાં આવી હતી ? – આયુષ્માન ભારત ડિજિટલ મિશન
11. 'પ્લેનેટ નાઈન' તાજેતરમાં ચર્ચામાં હતું. તે શું છે ? – આપણા સૌરમંડળના બાહ્ય ક્ષેત્રમાં એક અનુમાનિત ગ્રહ
12. SDG-7નો મુખ્ય ઉદ્દેશ્ય જણાવો ? – બધા માટે સસ્તું, ભરોસાપાત્ર, ટકાઉ અને આધુનિક ઊર્જા વપરાશ સુનિશ્ચિત કરવી.
13. 'શાંતિ ફ્રેમવર્ક પર સંયુક્ત સંદેશાવ્યવહાર'... તાજેતરમાં કયા બે દેશોના સંદર્ભમાં સમાચારમાં જોવા મળે છે ? – રશિયા–યુક્રેન
14. તાજેતરમાં કયો દેશ સમલૈંગિક લગ્નને માન્યતા આપનાર પ્રથમ દક્ષિણપૂર્વ એશિયાઈ દેશ બન્યો છે ? – થાઈલેન્ડ
15. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરનાર ટ્રેન્ટ બોલ્ટ કયા દેશના ખેલાડી છે ? – ન્યૂઝીલેન્ડ
16. તાજેતરમાં સમાચારમાં રહેલ ઘોડબંદર કિલ્લો કયા રાજ્યમાં આવેલો છે ? – મહારાષ્ટ્ર

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. બોન ક્લાઈમેટ કોન્ફરન્સ, 2024 કયાં યોજાઈ હતી ? – જર્મની

18. તાજેતરમાં ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલ નેશનલ ફોરેન્સિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્હાન્સમેન્ટ સ્કીમ (NFIES)નો ઉદ્દેશ્ય શું છે ? – ફોજદારી ફોરેન્સિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા

19. તાજેતરમાં કયું એરપોર્ટ સેલ્ફ–સર્વિસ બેગેજ ડ્રોપ સિસ્ટમ દાખલ કરનાર દેશમાં પ્રથમ બન્યું છે ? – ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ



# MAINS PRACTICE QUESTIONS :
## સાંસ્કૃતિક વારસો

1. ભારતીય ચિત્ર શૈલીમાં મુરાલ ચિત્રોની માહિતી આપો.
2. ગુજરાતના લોકનૃત્યની મુખ્ય લાક્ષણિકતાઓ વિશે ચર્ચા કરો.
3. પ્રાચીન ભારતીય સાહિત્યમાં પાલી અને પ્રાકૃત ભાષાનો ફાળો જણાવો.
4. આદિવાસીઓની ચિત્રકળા અને નૃત્યકળા જણાવી બંનેના ઉદાહરણોની ચર્ચા કરો.
5. 'પાટણના પટોળા'નો સંક્ષિપ્ત ઈતિહાસ લખો અને આ કલા સ્વરૂપને વધુ સુદઢ બનાવવા માટેના પગલા સૂચવો.
6. પ્રાચીન ભારતના સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક જીવનને આકાર આપવામાં સિંધુ ખીણની સંસ્કૃતિની મહત્ત્વના ચર્ચા કરો.
7. ભારતના સ્થાપત્ય ઈતિહાસને આકાર આપવામાં વિજયનગર સામ્રાજ્યના મહત્ત્વની ચર્ચા કરો.
8. ભારતીય સમાજ પર સિનેમાની અસર અને સાંસ્કૃતિક દર્પણ તરીકે તેની ભૂમિકાનું મૂલ્યાંકન કરો.
9. "ગુજરાતના સમાજ જીવનની સમજણ માટે લોકગીતો ખૂબ મહત્ત્વનો સ્ત્રોત છે." –ચર્ચા કરો
10. સાંસ્કૃતિક વારસો જાળવવામાં અને રાષ્ટ્રીય એકતા વધારવામાં શાસ્ત્રીય ભારતીય સંગીતની ભૂમિકાની ચર્ચા કરો – સમાજ પર તેના પ્રભાવના ઉદાહરણ આપો.

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો હોય છે. જેની દરેક વિદ્યાર્થીએ નોંધ લેવી.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા
SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT